


"ક્રાઇસ્ટનું અનુકરણ"

અથવા

સાર્વલૌકિક ધર્મ.

ભાષાન્તર કર્તા—છગનલાલ હરિલાલ પંડયા, બી. એ.

કેળવણી અધિકારી, જુનાગઢ.

પ્રકાશક—રણછોડદાસ ભવાન,

સૅન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબાઈ.

વ્યવસ્થાપક—નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,

બી. એ., એલ એલ. બી., બૅરિસ્ટર-ઍટ-લૉ,

ગિરગામ, મુંબાઈ.

મૂલ્ય ચાર આના.

વિચાર-પુષ્પ-માલા સંબંધી કેટલાક અભિપ્રાયો.

Chhaganlal H. Pandya, Esqr. B. A., Director of Education, Junagad.

The object of the venture has been very lucidly and ably expressed by you in your introduction, and no more laudable scheme could have been thought of to fulfil the same..... . Mr. Kaushikram, no doubt, deserves our best thanks for taking the intiative and heading the list of writers

A Voice from Gandevi.

Thanks for the books you sent. There cannot be two opinions about the excellence of your series. A substantial contribution to the Gujarati Literature

Rangildas M. Kapadia, Esqr.

પ્રાત:કાલ [સંવત્ ૧૯૭૧, આષાઢ.]

ધર્મનો જય—લેખક શ્રીયુત કૌશિકરામ બી. એ. આ પુસ્તક પ્લેટોના The Republic નામના ગ્રંથના દોહનરૂપે બે મિત્રોના સંવાદના રૂપમાં લખવામાં આવેલું છે. ભાષા તથા વિચાર ઉત્તમ છે, અને સંકલના પણ પ્રશસ્ય છે. આ પુસ્તક જોઇ અમને આનંદ જ થાય છે. કારણ કે આવા પ્રસિદ્ધ વિદ્વાનો જ્યારે કાંઇ પણ સાહિત્યસેવા કરેછે ત્યારે સમાજને તેથી લાભ જ થાય છે. ઉક્ત પુસ્તકની રા. નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકરે લખેલી પ્રસ્તાવના ઉપયોગી અને વાચવાયોગ્ય છે. આ પુષ્પમાળાનાં બીજાં પુસ્તકો પ્રસિદ્ધ થએલા જોવાની જનસમાજ સહ અમે ઇચ્છા રાખીએ છિએ........છપાઇ સુંદર છે.

નવા યુગનાં જુવાન, સ્ત્રી, પુરૂષ—આ પુસ્તક પણ ઉપરની વિચાર-પુષ્પ-માળાના બીજા પુસ્તકરૂપે પ્રસિદ્ધ થએલું છે. છપાઇ વગેરે ઉપરના પુસ્તક જેટલાંજ સુંદર છે. આ પુસ્તક શ્રીયુત કૌશિકરામ, શ્રીયુત વિભાકર તથા શ્રીયુત મહારાણીશંકર, એમ ત્રણ લેખકોએ મળીને લખેલું છે. લેખની શૈલી નવીન અને વાચકને પરોક્ષ રીતે બોધક છે. વિચાર-પુષ્પ-માળામાં આ પુસ્તકથી પણ એક ઉપયોગી લઘુ પુસ્તક વધ્યું છે.

" ક્રાઈસ્ટનું અનુકરણ. "

અથવા

સાર્વલૌકિક ધર્મ.

ભાષાન્તર કર્તા—છગનલાલ હરિલાલ પંડયા, બી. એ.
કેળવણી અધિકારી, જુનાગઢ.

પ્રકાશક—રણછોડદાસ ભવાન
ગિરગામ, મુંબાઈ.

વ્યવસ્થાપક — નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ., એલ એલ. બી., બૅરિસ્ટર-ઍટ-લૉ,
ગિરગામ, મુંબાઈ.

ઈ. સ. ૧૯૧૫ સંવત ૧૯૭૧

પ્રત ૧૫૦૦. આવૃત્તિ પહેલી.

ધર્મવિજય પ્રેસ નં. ૫૭૨ પાયધોની મુંબઈમાં હરજીવન ભગવાને છાપી.

" But if there is ever to be a universal religion it must be that one which will have no location in place or time, which will be infinite, like the God it will reach, *whose sun will shine upon the followers of Krishna or Christ*, saints or sinners, alike; which will not be the Brahmin's or the Buddhist's, the Christian's or the Mohammadan's religion, but be the sum total of all these, &c."

Swami Vivekanand's address before the
Parliament of religions in Chicago.

“ કૃષ્ણ કરીમા એક હય, મત જાનો દો કોઈ,
કબીર કહે દો નામ સુન, ભ્રમી પડો મત કોઇ.
કાશી કાબા એક હય, મત જાનો દો કોઇ,
કબીર કહે દો નામ સુન, ભ્રમી પડો મત કોઈ.
રામ રહીમા એક હય, એક હી રા ં રહીમ,
મેદાકા પકવાન હય, બેઠ કબીરા જીમ. ”

પ્રસ્તાવના.

વિચાર-પુષ્પ-માલાના આ ત્રીજા પુષ્પને વાચકવર્ગ પાસે રજુ કરતા તેના વિદ્વાન્ લેખક શ્રીયુત છગનલાલ હરિલાલ પંડયા પ્રતિ આભારદર્શન ઉપરાંત વ્યવસ્થાપકને બહુજ થોડું કહેવાનું છે.

“Imitation of Christ” નામનું પ્રખ્યાત અંગ્રેજી પુસ્તક અંગ્રેજી જાણનારાઓની જાણ બહાર ભાગ્યેજ હશે. અને જેઓને માહિતી નહિ હોય તેઓને ઉપોદ્ઘાતમાંથી સંપૂર્ણ માહિતી મળી શકશે. એટલે પુસ્તકના સંબંધમાં કાંઇ પણ ઉમેરવાનું વ્યવસ્થાપકને પ્રાપ્ત થતું નથી. એટલુંજ સૂચન બસ છે કે મૂળ પુસ્તકના લગભગ ત્રીજા ભાગના ભાષાન્તરનો આ પુષ્પમાં સમાવેશ થાય છે, અને બાકીનું ભાષાન્તર અનુકૂળતાએ પ્રકટ થશે.

પ્રથમ પુષ્પના નિવેદનમાં આ માલા સબંધી જે વચન આપ્યું છે તે અદા કરવાને, અલબત્ત, ઘણો સમય છે. પરતુ એ દિશામાં વ્યવસ્થાપકનો પ્રમાણિક પ્રયત્ન છે એમ આ ત્રણ પુષ્પથી જણાશે એટલી આશા છે. સાહિત્યના ક્ષેત્રમાં આપણી એટલી બધી જરૂરિયાતો છે કે તે બધી એક સામટી પૂરી પાડવી કઠિન છે તથાપિ દરેક સશક્ત કામ કરનાર પોતાનો ફાળો આપવાને બહાર આવશે તો થોડા સમયમાં ઘણું કાર્ય થઇ શકશે. વિચાર-પુષ્પ-માળાની ઉપયોગિતા આ દૃષ્ટિથી ઘણી વિસ્તારી શકાય તેમ છે, અને જો આ વર્ષ પૂરું થાય તે પહેલાં વિચાર-પુષ્પ-માળાને ઉત્સાહ આપનાર બીજાં થોડાં વધારે સજ્જનોનો ભેટો થઇ જશે, તો આવતા વર્ષથી તેનો વ્યવસ્થાપક આ આનદદાયક મજૂરી વધારે જોસપૂર્વક કરવાને તૈયાર છે. એમ થશે, તો આવતે વર્ષે ચારને બદલે છ પુસ્તકો બહાર પાડી શકાશે, અથવા તો ચારે પુસ્તકોનાં કદ વધારી શકાશે. અસ્તુ.

મુંબાઇ,
તા. ૧-૮-૧૯૧૫.

નૃ. ભ. વિભાકર,
વ્યવસ્થાપક,
વિચાર-પુષ્પ-માલા.

સૂચના

"વિચાર-પુષ્પ-માલા" ના વાર્ષિક ગ્રાહક ગમે ત્યારે થઇ શકાય છે. વર્ષની મધ્યમાં ગ્રાહક થનારને પણ પાછળનાં પુસ્તકો પૂરાં પાડવામાં આવે છે. આ ઉપરાંત નીચેનાં પુષ્પો બહાર પડી ચૂકયાં છે:

પુ. ૧. ધર્મનો જય

[લેખક—રા. કૌશિકરામ વિ. મહેતા, બી. એ, વિદ્યાધિકારી ભાવનગર.]

પુ. ૨. નવા યુગનાં જુવાન, સ્ત્રી, પુરૂષ.

[લેખકો—રા કૌશિકરામ વિ. મહેતા, બી. એ, રા. નૃસિંહદાસ ભ વિભાકર, બૅરિસ્ટર-ઍટ-લૉ, અને રા. મહારાણીશંકર શર્મા.]

આખા વર્ષના ગ્રાહકને આવાં ચાર પુસ્તકો મળશે.

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સહિત અગિયાર આના.

દરેક છુટક અંકના ત્રણ આના.

સર્વ પત્રવ્યવહાર નીચેને શિરનામે કરો,

નૃ. ભ. વિભાકર,

વ્યવસ્થાપક, "વિચાર-પુષ્પ-માલા."

ગિરગામ, મુબાઈ.

ક્રાઇસ્ટનું અનુકરણ.

(ધી ઇમીટેશન ઑફ ક્રાઈસ્ટ.)

ઉપોદ્‌ઘાત.

ઇંગ્રેજી ભાષાના સર્વોત્તમ ગ્રંથોની જ્યારે જ્યારે ટીપ કરવામાં આવે છે ત્યારે ત્યારે ટૉમસ એ. કેમ્પીસનો રચેલો “ ધી ઇમીટેશન ઑફ ક્રાઇસ્ટ ” (ક્રાઇસ્ટનું અનુકરણ) નામનો અપૂર્વ ગ્રંથ, તેમાં અવશ્ય ઉંચી પંક્તિયેજ મુકવામાં આવે છે. સરલ ભાષામાં નીતિ અને ધર્મનું સર્વોપયોગી જ્ઞાન, વ્યવહાર–દૃષ્ટિયે પણ અમૂલ્ય ગણાય એવું આપનાર તેના જેવું બીજું કોઇ પુસ્તક આજ સુધી ઘણુ કરીને લખાયલું નથી. તેની અંદર દર્શાવેલા પ્રૌઢ વિચારો સર્વ કાળે સર્વ પ્રકારની પ્રજાને માનનીય થઇ પડે એવા ગંભીર અને સતત મનન કરવા યોગ્ય છે. એ પુસ્તકનાં ઘણીખરી શિષ્ટ ભાષાઓમાં ભાષાન્તરો થયાં છે એજ એની લોકપ્રિયતા સિદ્ધ કરી આપે છે. એની પ્રથમ પ્રસિદ્ધિને આજ શુમારે ચારસો વર્ષ થઇ ગયાં છે; તેટલામાં તો માત્ર ઇંગ્રેજી ભાષામાંજ તેની થોડી ને ઘણી ૬૦૦૦ જુદી જુદી આવૃત્તિયો નીકળી ચુકી છે. તે ગ્રંથ મૂળ લટિન ભાષામાં લખાયલો છે; અને તેનુ પહેલું ઇંગ્રેજી ભાષાન્તર ઇંગ્લંડના રાજા સાતમા હેન્રીનાં માતાજી માર્ગેરેટની આજ્ઞાથી વિન્ડસરના ધર્માધ્યક્ષ વુલ્યમ ઍટ્‌કીન્સને રચ્યું હતું તે ૧૫૦૨ મા છપાઇને પ્રસિદ્ધ થયું હતું.

તેના સબંધમાં ઘણા વિદ્વાનોએ ઉંચા અભિપ્રાયો દર્શાવેલા છે. એક સાક્ષર લખે છે કેઃ—“તત્વજ્ઞાનીઓના ગુહ્ય પંથમાં જે કઇ ઉન્નતિકારક, ભક્તિજનક, અને ગંભીરતાની સાથે પવિત્રતા ઉત્પન્ન કરે એવું છે તે બધું આ ગ્રંથનાં પૃષ્ઠોમાં એક કેન્દ્રમાં લાવી મુકેલું છે.” સાધુ સંતોને પણ અનુવર્તન કરવાના માર્ગો એમાં એવી વિશુદ્ધતાથી વર્ણવેલા છે કે એ પુસ્તક પ્રોટેસ્ટંટોને તેમજ કૅથૉલીકોને બંનેને પ્રિય થઇ પડયું છે.

ટૉમસ એ. કેમ્પીસનો જન્મ પ્રશીયાની અંદર કૉલોન પાસે આવેલા કેમ્પ ગામમાં ૧૩૮૦ માં થયો હતો. ૧૪૦૭ માં તેઓ નેધરલૅન્ડ્‌સની

અંદર ઝ્વોલે નામના સ્થળની પાસેના એક મઠમાં દાખલ થયા હતા, અને તેમના અવસાન સુધી ત્યાંજ રહ્યા હતા.

'ઈમીટેશન ઑફ્ ક્રાઇસ્ટ'નો આ ગ્રંથ સર્વાનુમતે તેમને હાથે લખાયલોજ ગણાય છે. તો પણ તેના કર્તૃત્વનું માન લેવાને બીજા પણ કેટલાક સાહસિકો બ્હાર પડેલા જણાય છે. તેઓના નામ કોઇ પણ રીતે અમર કીર્તિ પામ્યાં નથી, તેથી તે આ સ્થળે આપવાનું યોગ્ય જણાતું નથી.

આ અદ્વિતીય ગ્રંથકર્તાના ચારિત્ર્ય સંબંધમાં કેટલીક હકીકત અવશ્ય જાણવા યોગ્ય છે. એમનાં માતા–પિતાની સ્થિતિ ઠીક ઠીક છતાં તેઓ તેમની પ્રૌઢ ભક્તિને માટે સર્વમાન્ય થઇ પડયાં હતાં. બાળપણામાં એ દારિદ્રયનાં સંકટ વેઠીને ઉછર્યા હતા. એમના પિતા અથાગ શ્રમ વેઠીને કપાળનો પરસેવો ઉતારીને જે કંઇ થોડા પૈસા મેળવતા તે ઉપર તેમનું ગુજરાન ચાલતું હતું. એમની માતા પોતાના સર્વ બાળકોના શિક્ષણ ઉપર અહોરાત્રિ અખંડ ધ્યાન આપતા; અને પોતાના કુટુમ્બનુ પોષણ કરવા માટે જાતે કષ્ટ ભોગવીને, પ્રશાન્ત ચિત્ત, અતિશય વિનીત ભાવે સર્વ ગૃહકાર્ય કરે જતા. આથી આપણા ગ્રંથકારને બચપણથીજ દારિદ્ર્યાવસ્થામાંથી શીખાતા ઉચ્ચ ગુણો પ્રાપ્ત થયા, અને દારિદ્ર્યનો સદ્‌ગુણ સાથે કેવો નિકટ સંબંધ છે એ પણ એમના સમજવામા સ્વાનુભવથી આવ્યુ. એમનાં લખાણો પણ આ ઉત્તમ શિક્ષણનું સ્થળે સ્થળે ભાન કરાવે છે.

પોતે છ વર્ષના થયા ત્યારે એમને જીરાર્ડ ડી ગ્રૂટ નામના એક તે કાળના મહા વિદ્વાન્ અને દૃઢ ભક્ત શિક્ષાગુરૂની પાસે મુકવામા આવ્યા. તેમના ઉપર એમનો કેટલો પ્રેમ ઉદ્‌ભવ્યો, તે પાછળથી તેમનું જીવનચરિત્ર એમણે લખ્યું છે તે ઉપરથી સહજ સમજી શકાય છે.

તેમની પાસે રહેવાથી ટૉમસ એ. કેમ્પીસને ધર્મનાં પુસ્તકોનો ખંતથી અભ્યાસ કરવાની ટેવ પડી. થોડાં વર્ષ પછી તેમને એક વયોવૃદ્ધ સન્નારીને ત્યાં રહેવાની ગોઠવણ થઇ. તેને ત્યાં બીજા પણ એમના જેવા વિદ્યાર્થીઓ રહેતા હતા; ને તેમનું તે પોતાના બાળકોની પેઠે પોતાને ખર્ચેજ પાલન પોષણ કરતી હતી. ત્યાં પોતાને કેવા સંસ્કાર પડયા તે ગ્રંથકર્તા પોતેજ નીચેના શબ્દોમાં જણાવે છે:—

"અમારા વર્ગમાં વાતચીત બધી નીતિયુક્તજ થતી. અમારી સર્વની રીતભાત કેવળ દોષરહિત રહે તે માટે તેઓ બહુજ કાળજી રાખતાં, અને અમારો વિનીત ભાવ કેમ વધે તે માટે સતત પ્રયત્ન કરતાં. એમના જેવી શુદ્ધ ભક્તિ અને પરમાર્થ–સાધના મ્હેં બીજે કહીએ જોઇ નથી અમારા મકાનની બહાર શું બને છે તેની જરા પણ દરકાર ન રાખવા અમને શીખવવામાં આવ્યુ હતુ, તેથી અમે બધા અમારો વખત પ્રાર્થનાઓ કરવામાં, સારાં સારાં પુસ્તકો વાંચવામાં તથા તેની નકલ હાથે ઉતારી લેવામાં અને પ્રસંગોપાત્ત અમારો ભક્તિ–ભાવ ટુંકા ભાષણોના રૂપમા અંદર અંદર પ્રદર્શિત કરવામાં ગાળતા. અમારા બધાનું કેમ જાણે એકજ અંતઃકરણ હોય–એકજ આત્મા હોય–એમ અમે સંપથી વસતા. અમારો પોશાક અને ખોરાક સાફ સાદો અને જરૂર જેટલોજ રહેતો; અને અમારા વડીલોની આજ્ઞા અમે પૂર્ણ પ્રેમથી શિરસાવદ્ય ગણતા. આ નિર્દોષ, નિષ્કપટ, નિરભિમાની જીવનક્રમ નિરંતર ચાલતો રહેવાથી તેની સ્થાયી છાપ અમારા સર્વના મન ઉપર નાનપણથીજ પડી ગઇ; અને અમે બધા અમારા જાતિ–ભાઇઓ ઉપર પ્રેમ રાખતાં તથા પ્રભુની શુદ્ધ અંતઃકરણે ભક્તિ કરતા શીખ્યા."

છાપખાનાની કળા તે વખતે અજ્ઞાત હોવાથી ટૉમસ એ. કેમ્પીસનો ઘણો કાળ ઉત્તમ પુસ્તકોની હસ્ત–લિખિત પ્રતિઓ કરવામાં જતો; ને તે કામ તેમને ઘણુજ પ્રિય લાગતું. તેઓ બીજાઓને પણ તે પ્રમાણે કરવાનો ઉપદેશ આપતા. તેઓ કહેતા કે જે ઉત્તમ ગ્રંથો પ્રભુને પ્રિય છે, જે દ્વારા એ પ્રભુના અસ્તિત્વનું જ્ઞાન પ્રસારી શકાય છે, એમના આદેશોનું શિક્ષણ અપાય છે, અને તેને અનુવર્તન કરવાનો ઉપદેશ અહર્નિશ થઇ શકે છે, તેનો ઉતારો સ્વહસ્તે કરવો એના જેવું ઉપયોગી કાર્ય બીજું કોઇ ભાગ્યેજ હશે. જે કોઇ પોતાના તૃષિત નિકટવાસીને જલપાન કરાવે તેને પણ જો બદલો મળ્યા વિના રહેતો નથી તો પછી જેઓ પોતાના પાડોસીઓના હાથમાં સારા ગ્રંથો મુકીને અનાદ્યનંત જીવન પ્રવાહનું તેમને દર્શન કરાવે છે તેમને કેવું મ્હોટુ ઇનામ મળશે એ સહજ સમજી શકાય એવું છે. ધન્ય છે એવા લોકોના હાથને! આપણા પૂર્વજોના અત્યુત્તમ ગ્રંથોનું જો આવા પવિત્ર લિપિકારોને હાથે સંરક્ષણ થયું ન હત તો આજ એમને સંભારત પણ કોણ?"

આપણા સનાતન ધર્મના પ્રાચીન ગ્રંથોના સંબંધમાં પણ આ ટીકા યથાર્થ છે. એવા પરગજુ લેખકોએ અથાગ શ્રમ કરીને ઉજાગરા વેઠીને આવી રીતે તેની પ્રતિકૃતિયો બનાવી રાખી ન હત તો આજ તેનો અભ્યાસ પરા પૂર્વથી જે ચાલતો આવ્યો છે,—વેદાધ્યાયન આદિ સજીવન રહ્યું છે તે ક્યાથી રહેત ?

ઓગણીસમે વર્ષે તેઓએ સેન્ટ ઓગસ્ટાઇનના પંથમાં પ્રવેશ કર્યો. આ પ્રમાણે પગલું ભરવાનો તેમને ઉપદેશ કરનાર ફ્લોરેન્સ્યશ નામે તે કાળના એક મહા વિખ્યાત ધર્મગુરૂ હતા. તેઓએ એવી સમજ આપી કે સાધુનું જીવન એ પ્રમાદમય જીવન નથી. એવા ધાર્મિક પુરૂષની પ્રાર્થનાઓ નિરંતર ચાલુજ રહે છે. વારંવાર તેને ઉપવાસ કરવા પડે છે. તેની નિદ્રા બહુ થોડી રહે છે; અને તેમાં પણ ઘણી વાર ભંગ પડે છે. આમ કરતા કંઈ કાલ અવશેષ રહે છે તો તે પોતાને હાથે ઉદ્યોગ કે સત્કર્મ કરવામાં ગાળી શકે છે.

ટૉમસ એ. કેમ્પીસનો અભિપ્રાય પણ પોતાના ગુરૂના મતને મળતોજ હતો તેથી આ સલાહ તેમને યોગ્ય લાગી, અને તદનુસાર તેઓએ ઝ્વોલ નામના નગરની પાસે થેફ્ટ નદીના તટ ઉપર આવેલા એ પંથના મઠમાં પ્રવેશ કર્યો. તેમનો ભાઇ જૉન એ કેમ્પીસ તે વેળા ત્યાં અધ્યક્ષ હતો; ને બંને ભાઇઓનો આમ મેળાપ થવાથી તેમને પરમ આનંદ થયો.

એમનાં લખાણો ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે આ વેળા એમના હૃદયમાં કાંઇક અંત:ક્ષોભ થતો હતો. એમનુ મન કાઇક ચલાયમાન થયું હશે,–પોતે જે માર્ગ ગ્રહણ કર્યો છે તે વ્યાજબી છે કે કેમ તેની શંકા થઇ હશે,–તેથી તેમણે દેવળમાં જઇને પ્રભુને સાષ્ટાંગ દંડવત્ કરી, પોતાની નિર્બળતા સ્વીકારી પ્રભુનું સાહાય્ય મળવા પ્રાર્થના કરી, અને તેજ ક્ષણે, તેજ પ્રભુની જાણે પ્રેરણાથી એમના અંત:કરણમાંથી ઉદ્ભવતો એવો ધ્વનિ એમને કર્ણે પડયો કે'–શું કરવા આવી શંકા લાવે છે? મંડયો રહે; અંતે સૌ સારાં વાનાં થશે.

આવી રીતે પ્રભુએ આવીને જાણે તેમનો વાંસો થાબડયો હોય તેમ પ્રતીતિ થવાથી તેમને પ્રોત્સાહન મળ્યુ; ને તે દિવસથી તેઓએ જે શ્રમ

પરોપકારાર્થે આરંભ્યો તે નિરંતર પોતાના અવસાન પર્યંત સાઠ વર્ષ સુધી—અવિચ્છિન્ન ચાલુ રાખ્યો. તેઓએ પોતાનું આખું આયુષ્ય આ મઠમાંજ ગાળ્યું; અને પોતાના સ્થાનને યોગ્ય મનોયમ, ઇંદ્રિયનિગ્રહ, અખંડ પાળીને, ભક્તિ માર્ગમાંજ અહોનિશ પ્રવૃત્ત રહીને, વિશુદ્ધ સાધુ પુરૂષ રૂપે નામના મેળવી. તેઓ કહેતા કે શાન્તિ એ મ્હારો મિત્ર છે, * શ્રમ એ મ્હારો સખા છે, અને ભક્તિ મ્હારૂં અવલંબન છે. "આત્માનું આત્મગત ભાષણ" નામના ગ્રંથનાં ૧૫–૧૬ તથા ૧૭ મા પ્રકરણમાં તેઓએ પોતે કેવાં પાપ કર્યાં છે અને ઇશ્વરે તે છતાં તેમાંથી દૂર રાખવા માટે, આવી રીતે જીવન ગાળવાની સરલતા કરી આપી ને કેવી દયા કરી છે; પોતાના આત્માને દૂષણમુક્ત કરીને તેનો કેવો ઉદ્ધાર કર્યો છે—તે સંબંધે વિસ્તારથી લખેલું છે.

પોતે લખે છે કે મ્હારો આત્મા જ્યારે મ્હેં પ્રભુને અર્પણ કર્યો ત્યારે મને અપૂર્વ આનંદ થયો હતો. તે વેળા પ્રભુએ મને એક નવ-પલ્લવવત્ ગણીને કષ્ટરૂપી હિમપાતથી દૂર રાખ્યો હતો. આપત્તિરૂપી કઠોર પવનનો ઝપાટો લાગવાથી મ્હારો નાશ ન થાય તે માટે પોતાની વિશાળ પાંખોનો આશ્રય આપીને મ્હારૂં સંરક્ષણ કર્યું હતું. પછી ધીમે ધીમે પ્રેમથી મને જગત્‌ની જંજાળો—આધિ—વ્યાધિયો—વિગ્રહો—જેના ભોગ મ્હોટા દૈવી પુરૂષો પણ થઇ પડયા હતા, તેનુ ભાન કરાવ્યું હતું. તેમણે કેવી રીતે સાવધ રહીને, દ્દઢતા રાખીને, અતિશય શ્રમ વેઠીને તે સકટો ટાળ્યા હતાં અને અંતે કેવો વિજય મેળવ્યો હતો તે સર્વ મને બતાવ્યુ હતું. પ્રથમ તો મને ઘણો ભય લાગવા માંડયો; અને દુ:ખરૂપી મોજાંના ઝપાટામાં હું દબાઇ જઇશ, તણાઇ જઇશ, એમ થયાં કરતું હતુ; પણ પ્રભુનોજ મને સર્વ પ્રસંગે આશ્રય અને આધાર મળતો. અહો! મ્હારા પ્રત્યે તેમની

---

* સરખાવો:—

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी ।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः— ॥
शय्या भूमितलं दिशोपि वसनं ज्ञानामृतं भोजनम् ।
एते यस्य कुटुम्बिनो वद सखे कस्माद्भयं योगिनः ॥

કેટલી દયા છે ! કેટલી બધી વાર હું પરાભૂત થતો ત્યારે તેમણે મને મુક્ત કર્યો છે ! કોઇ કોઈ વખત તો મ્હારા પ્રબળ મનોવિકાર મ્હોટા વાવાઝોડાની પેઠે ધસી આવીને મને વેગથી ઘસડી જતા, પણ પરમ કૃપાળુ પ્રભુ પોતાનાં બાણુનો પ્રહાર કરીને તેમને વિખેરી નાખતા. વળી વળી તેઓ મ્હારા ઉપર ચઢાઇ કરતા પણ તેજ પ્રભુ સદાકાળ મ્હારા સાહાય્યમાં રહેવાથી મને તેમની અસર થતી નહિ. ધીમે ધીમે સર્વ પાર્થિવ પદાર્થો ઉપરથી મ્હારૂં મન ઉઠી ગયું; અને માત્ર ઇશ્વરમાંજ લીન થઇને રહ્યું ત્યારેજ મને અનુભવ થયો કે જેઓ ઇશ્વર ઉપર ખરો પ્રેમ રાખે છે તેમના ઉપર તેની કેવી દયા વર્ષે છે. મને પણ, ઓ પ્રભુ ! ત્હેં દયા કરવામાં કંઈ મણા રાખી નથી. ત્હારાથી ત્યજાયલા ઘણાનો નાશ થઇ ગયો છે, પણ મ્હારા ઉપરની ત્હારી કૃપા તો અવર્ણનીય છે. "અયોગ્ય હોય તેને પણ મ્હારી પાસે લાવો કે તેને હું યોગ્ય બનાવું; ક્રૂર હોય તેને મ્હારી સમીપ લાવો કે તેને હું દયાળુ બનાવુ, અપૂર્ણ હોય તેને પૂર્ણ બનાવુ; સર્વ કોઇ મ્હારી પાસે આવો અને મોક્ષરૂપી જલનુ પાન કરો, મનુષ્યોનાં બાળકો સાથે વસવામાં મને આનંદ છે. *" આ ત્હારા શબ્દો હું કેમ વીસરી શકું ?

'ક્રાઇસ્ટનું અનુકરણ' એ પુસ્તક એમણે લખ્યું છે, એ ઉપરથી એટલું પણ સિદ્ધ થાય છે કે વિદ્વત્તાનો કોઇ મનુષ્યો દુરૂપયોગ પણ કરે છે એ વાત તેમના જાણવા બ્હાર ન હતી, અને તેનાથી કેવાં અનિષ્ટ પરિણામ થાય છે તે પણ એમના જોવામાં ઘણી વાર આવેલું હતું. તેવીજ રીતે પોતાની પણ નિંદા થતી તેમના જોવામાં આવેલી. આવી દશામાં પડેલા મનુષ્યે શાન્તિથી અને ધૈર્યથી જગતની નિંદા કેમ સહન કરવી † તે એમણે આ ગ્રંથના ત્રીજા ભાગમાં ઘણીજ ખુબીથી સમજાવેલું છે.

---

* સરખાવો:—

मूकं करोति वाचालं पगु लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानन्दमाधवम् ।

† निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्याय्यात् पथः प्रविचलन्ति पद न धीराः ॥

આ મહાપુરૂષના અસાધારણ સદ્દગુણોની અને દૃઢ ભક્તિની ખ્યાતિ કાળે કરીને ચોમેર પ્રસરવા લાગી. આસપાસથી ઘણા જણ એમનાં દર્શને આવતા, એમના શિષ્ય થવાની ઇચ્છા દર્શાવતા, અને અસંખ્ય જણ એમનો પવિત્ર બોધ ગ્રહણ કરવાને ભેગા થતા; પણ તેઓ પોતે બનતાં સુધી તેમનાથી વિરક્ત રહેતા. સમાગમ થતાજ કોઇને ખોટું લાગે નહિ એવો પ્રસંગ શોધીને, સભામાથી યોગ્ય અવસરે ઉઠીને તેઓ ' મ્હારે માટે બીજું કોઇ મ્હારી પર્ણકુટિકામાં મ્હારી રાહ જુએ છે માટે આપની રજા લઉં છું ! ' એમ વિનીત ભાવે કહીને ખસી જતા.

આ પ્રમાણે પોતાના ગુહ્ય આવાસમાં જેમની સાથે તે પોતાનો કાલ નિર્ગમન કરતા તેમની અને પોતાએ વચ્ચે શી વાતચીત થતી તે એમણે એમના આ પુસ્તકમા ઠેકાણે ઠેકાણે વર્ણવ્યું છે.

પોતાના છેલ્લા દિવસોમાં તેઓ કોઇ વાર કહેતા કે " આવા સહવાસમા ગળાતો મ્હારો કલાકે કલાક મને અગાઉના કલાક કરતાં વધારે વહાલો લાગતો. આરામને માટે ઘણી જગાએ મ્હેં શોધ કરી હતી; પણ મ્હારી પર્ણકુટિના ખુણામા એક નાનકડુ પુસ્તક લઇને હું બેસતો તે વેળા મને જે અવર્ણ્ય શાન્તિ થતી તેવી કોઇ બીજે સ્થળે મને થઇ નથી. "

ઇ. સ. ૧૪૭૧ ના જુલાઇની ૨૫ મી તારીખે, તેમના વયના ૯૨ મા વર્ષમાં તેમનો અંતકાળ થયો. કદમાં તેઓ ઠીંગણા હતા એમ કહે છે, ગણ શરીરનાં સર્વ અવયવો યોગ્ય પ્રમાણમાં હતાં; અને તેમના નેત્ર સામાના મનમા કેમ જાણે પ્રવેશ કરીને તેનુ અંતર્ગત રહસ્ય વાચતા હોય એવાં તીક્ષ્ણ તથા ગંભીર પ્રકાશવાળાં હતા. એમની જીવનકળા લખનારાઓ કહે છે કે જ્યારે તેઓ મંદિરમા બેસીને પ્રભુના મહિમાનું ગાન કરતા ત્યારે તેમના મુખ ઉપર એવુ ઇશ્વરી તેજ પ્રકાશતું કે તેમના દર્શનથી સર્વ પ્રેક્ષકો અંજાઇ જતા, અને તેમને સ્વાભાવિક રીતેજ એમના ઉપર પૂજ્યભાવ ઉત્પન્ન થતો.

બંગાલામાંથી હમણાં જે વિદ્વાન્ વર્ગના યુવાન સાધુઓ નિઃસ્વાર્થ દેશ-સેવા કરવા માટે આત્મભોગ આપીને બ્હાર પડેલા છે, અને જેમણે ઇંગ્લંડ તથા અમેરિકા સુધી પહોંચીને ત્યાં પણ આપણા સનાતન ધર્મનો વિજયધ્વજ ફ્ડફ્ડાવ્યો છે, તથા માત્ર આર્થિક સંપત્તિ સંપાદન કરવામાંજ

મનુષ્યનું સર્વ કર્ત્તવ્ય સમાયેલું છે એમ માની બેઠેલા, ભરતખંડને કેવળ પશુમય જીવન ગાળતા–જગન્નાથજીના રથ તળે કચડાઇ જવામાંજ મહત્તા સમજતા–નાસ્તિકોથી વસેલો ગણતા અમેરિકનોને જેમણે જીવનરૂપી ઢાલની બીજી બાજુ બતાવીને ચિરકાળથી આવેલાં અજ્ઞાનના પડળ દૂર કરી, આપણી આર્યભૂમિના અપ્રતિમ ગૌરવનુ-પ્રાચીન મહર્ષિયોના મહાવાક્યનું, –વેદ વેદાન્તાદિ અનુપમ ગ્રંથોના અસ્તિત્વનું–ભાન કરાવ્યું છે, અને તેને પરિણામે આપણી આર્યપ્રજા ઉપર સ્નેહભાવ–ભ્રાતૃભાવ–સમભાવ ઉત્પન્ન કર્યા છે, આપણા સનાતન ધર્મના ગ્રંથોનો અભ્યાસ કરવાની આકાંક્ષા જાગૃત કરી છે. અને અનેક સંસ્થાઓ સ્થાપીને હજારો વિદેશીઓને દેશી જેવા સ્વધર્મી બનાવી દીધા છે, વેદઘોષ એટલા દૂર દેશોમા પણ ગજાવી મૅક્યો છે–તેમના અગ્રણી સદ્‌ગત સ્વામિ શ્રી વિવેકાનંદનુ નામ આજ એવું તો સુપ્રસિદ્ધ છે કે તેમનું ઓળખાણ કરાવવુ એ સૂર્યની પ્રતીતિ ચક્ષુમય વ્યક્તિયોને કરાવવા તુલ્ય છે

એ મહાત્માના ઇંગ્લંડના તથા અમેરીકાના પ્રવાસની પૂર્વે અમુક દિવસ એઓએ ૧૮૮૮–૮૯ મા જુનાગઢમાં મરહુમ દિવાન હરિદાસભાઇનું આમંત્રણ સ્વીકારીને વાસ કર્યો હતો. તે વેળા આ લખનારને એમના ગાઢ સંબંધમા આવવાનો અલભ્ય લાભ મળ્યો હતો. એમનું દર્શન થતાંજ એમની ભવ્ય, તેજસ્વી, પ્રચંડ આકૃતિ સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન કરતી, અને સમાગમ થતા એમના સંભાષણનું માધુર્ય. એમની નૈસર્ગિક વક્તૃત્વ શક્તિ, એમની સુજનતા. એમનું અલૌકિક દૈવી ગાન, એમની નિરભિમાનિતા, એ સર્વ ગુણો એવા તો આકર્ષક લાગતા કે એમના સહવાસમા આવેલામાંથી ભાગ્યેજ કોઇને એમના ઉપર પ્રેમનો ઉમળકો આવ્યો નહિ હોય- સાધુ સન્યાસીઓ ઇંગ્રેજી ભણેલા હોય છે એવુ એમના સંસર્ગ પહેલાં આ લખનારના જાણવામાં આવ્યુ નહતું, તેથી જ્યારે કોઇ પાસેથી એમ સાંભળવામાં આવ્યું કે વિવેકાનંદજી પોતે ઇંગ્રેજી જાણે છે ત્યારે અમને તો ઘણી નવાઇ લાગી; ને તે વળી વિશેષ એટલા માટે કે તે વેળાના તાજા ગ્રેજ્યુએટોમાં વાતા નાસ્તિકતાના વાને લઇને અમને તો એમજ લાગતું હતું કે ઇંગ્રેજી ભણેલા તે વળી કંઇ સાધુ થતા હશે ? આપણા ધર્માંધ, જૂના જમાનાના, કહેવાતા ભાર્વિકો, એ રસ્તો ગ્રહણ કરે તે તો ઠીક, પણ કોઇ ઇંગ્રેજી ભણીને ‘ સુધરેલા ’ મતના થયા હોય

તેને એવો ઢોંગ કરવો ગમે, એ અમારી તે વખતની સમજમાં ઉતરતું નહતું. અમારી આ ભૂલ દૂર કરનાર એ મહાત્માજ હતા. એમને અમે બ્હીતે બ્હીતે પૂછયું કે “ મહારાજ આપ ઇંગ્રેજી જાણો છો ? ત્યારે એમણે હસીને ઉત્તર આપ્યો કે—હા કુછ થોડા જાનતા હુ ” કેવી નિરભિમાનિતા ! જેમણે થોડાક સમયમા અમેરિકા પધારીને ત્યા મળેલા દેશ વિદેશના મહા સમર્થ ધર્માચાર્યોની સભા વચ્ચે ઉભા થઇને પોતાના ભગવાં વસ્ત્રોથીજ, પોતાના ઉગ્ર તેજસ્વી સ્વરૂપથીજ સર્વને આંજી નાંખ્યા હતા, અને ઇંગ્રેજી ભાષાના પોતાના વિચિત્ર વાગવિભવથી જેમણે મેઘ-ગર્જના જેવા ગભીર સ્વરવડે આખી ધર્મ-પરિષદ્‌ને ગજાવી મૂકી હતી, એટલુંજ નહિ પણ સર્વ પ્રેક્ષકોને સ્તબ્ધ બનાવી દઇને જેમણે “ I came, I saw, I conquered ” એ સુવિદિત સૂત્ર પ્રમાણે ત્યાની સભામા મળેલા વિદ્વાનોમાંજ નહિ પણ વર્તમાન-પત્રો દ્વારા આખા અમેરિકામા અને ખરૂં કહીએ તો આખી સુધરેલી દુનિયામા સ્વલ્પ કાલમાંજ આપણા પુરાતન ધર્મનું અર્વાચીન શાસ્ત્રપદ્ધતિથી પ્રતિપાદન કરનાર સાધુ પુરૂષ તરીકે અમર કીર્તિ મેળવી—તે મહાત્માના મુખમાથી આવા નમ્રતાભરેલા શબ્દો તે વેળા નીકળેલા હતા તે સભારી કાઢતા અમને આજ એમની સાદાઇ વિષે કેવો માન-પ્રદ વિચાર આવે છે ?

એમની અગાધ શક્તિના સંબંધમાં તે વેળા ચિકાગોના એક મુખ્ય વર્તમાનપત્રમા જે ટીકા આવી હતી તે આર્યજનોએ આજ પણ મનન કરવા યોગ્ય છે. તેમાના લેખકે જણાવ્યુ હતું કે.—

“ એમને જે જે પ્રશ્ન પૂછવામા આવતા તેના ઉત્તર વિદ્યુત્-પ્રવાહની પેઠે ઝળકારા મારતા, એમના અજાયબ જેવા મગજમાથી સત્વર નીકળતા, અને જે કોઇ એવા પ્રશ્નો કાઢવાની હિમત ધરતો તે આ હિંદવાસી સાધુના ઝગઝગતા બુદ્ધિ-પ્રભાવરૂપી ભાલાવડે વિંધાઇ જતો. એમની પ્રૌઢ પ્રજ્ઞા, ગભીર વિચાર શક્તિ તથા શાસ્ત્રાભ્યાસથી સુવિકસિત થયેલા મનની વિચિત્ર ચેષ્ટાઓ જોઇને શ્રોતાઓ મુગ્ધ થતા અને એમના ઉત્તરોથી સર્વને ઘણો આનદ મળતો. . . . સૂક્ષ્મ વિવેક-બુદ્ધિથી એઓ ક્રીસ્ટીયન ધર્મમાંનાં સારાં નરસા તત્વોનુ બેધડક વિવેચન કરતા. . . જેઓને એ ભગવાં વસ્ત્રવાળા તેજસ્વી સ્વામીના અસાધારણ વક્તૃત્વનો

એકવાર પણ પરિચય થતો તેમના ઉપર એમની સુંદર આકૃતિની આકર્ષણ શક્તિ—એમની બોલવાની છટા—એમની ભાષાનું માર્દવ યુક્ત માધુર્ય—એમનું પરિપૂર્ણ વિષય-ગ્રાહકત્વ—આદિ એટલી ઉંડી અને ચમત્કારિક અસર કરતા કે તેઓ ફરી ફરી તેમને સાંભળવા જતા * * * એ પરિષદ્‌માં 'ભાષણ કરનારાઓમાં કોઇને જો વધારે ગર્જના યુક્ત હર્ષનાદથી વધાવી લેવામાં આવ્યા હોય-વારંવાર વળી વળીને બોલાવવામાં આવ્યા હોય-તો તે વિવેકાનંદજ હતા. "

એઓએ એમ. એ. ની ડીગ્રી કલકત્તા યુનિવર્સિટીમાં મેળવી હતી, અને પોતાના વિચિક્ષણ બુદ્ધિ-પ્રભાવથી નાનપણમાંજ પોતાના દેશમાં મ્હોટું નામ કાઢ્યું હતું-એ તો અમે ઘણું મોડું જાણ્યું હતું. ક્રિસ્ટીયન પાદરીઓ સાથે પણ એમને બાલ્યાવસ્થામા ઝપાઝપી થયેલી અને આપણા ધર્મના દોષ કાઢતા તેઓ પોતે દોષ રહિત નથી એમ એમણે તેમને દર્શાવેલું હતું.

એમના જેવા, માત્ર પરોપકારાર્થેજ સંસાર-ત્યાગ કરીને નીકળી આવેલા, શુદ્ધ સાધુ પાસે સામાન તો કંઇ હોયજ શાનો ! માત્ર બે ત્રણ ભગવાં વસ્ત્રની એક પોટલી અમારા જોવામાં આવી હતી, અને અતિ પરિચય પછી જ્યારે એમની પાસે હું એકવાર બેઠો હતો અને પોતે તે પોટલી છોડી ત્યારે તેમાં મ્હારા જોવામાં માત્ર બેજ ચીજો આવી. એક તો એમના પરમ પૂજ્ય ગુરૂજી સ્વામીશ્રી રામકૃષ્ણની છબી, અને બીજું **ધી ઈમીટેશન ઑફ ક્રાઇસ્ટનું પુસ્તક.** છબીને માટે તો મને પણ ગૌરવ ઉત્પન્ન થયું,—જો કે તે વેળા અમે તે મહાત્માનું નામ પણ ભાગ્યેજ સાંભળ્યું હતુ; પણ આ ઇંગ્રેજી પુસ્તક અને તે વળી **ક્રાઇસ્ટને** લગતુ-ઇસુ **ખ્રીસ્તનું**- આપણા **હિંદુ ધર્મનો** પ્રચાર કરવા નીકળેલા **સન્યાસી** પાસે જોવાથી મને તો તે વેળા ઘણુંજ આશ્ચર્ય લાગ્યુ. અને તે પછી અમારામાંના જેણે જેણે તે જોયું તેને પણ તેવોજ વિસ્મય થયો. **ક્રીસ્ટીયાનીટી એ હિંદુ ધર્મથી વિરૂદ્ધ છે;** પાદરીઓ આપણી પ્રજામાંના હલકા વર્ગના લોકોને ખોટુ સમજાવી પોતાના ધર્મમાં લઇ જઇ ભ્રષ્ટ કરે છે, એમ અમે સર્વ માનતા; અને આપણા સાધુ સન્યાસીઓનું કર્ત્તવ્ય તેમનાં ભાષણોની અસર દૂર કરીને આપણી પ્રજાને આપણા આર્ય ધર્મમાંજ સ્થિર રખાવી-સ્વધર્મનો ત્યાગ નહિ કરવાનું

શિક્ષણ આપવું-એજ હોવાનું અમે સમજતા હતા તેથી તેઓએજ આ ક્રાઇસ્ટ સંબંધી પુસ્તકને આવો આદર-ભાવ આપેલો જોઇને અમને તો એમ પણ શંકા થઇ કે રખેને એઓ અંદરખાનેથી કોઇ મિશનરી હોય !! મ્હારા ઉપરની એમની પ્રીતિને લીધે મ્હેં હિંમત ધરીને એમને વિનીત ભાવે પ્રશ્ન કર્યો કે-" મહારાજ ! આપ તો હિંદુ ધર્મના પ્રવર્તક છો અને આ ખ્રીસ્તી ધર્મનું પુસ્તક કેમ રાખો છો ? આપે તો વેદાન્તાદિનાં પુસ્તકો સાથે રાખવા ઉચિત છે. " તેના જવાબમાં એમણે અતિ નમ્રતાથી મને જણાવ્યું કે-" ભાઇ, સર્વ ધર્મના તત્વ એકજ છે. ક્રીસ્ટીયાનીટી કંઇ બીજો બોધ કરે છે અને આપણા વેદ કંઇ બીજુ કહે છે એમ નથી. આપણામાં મનાતા ઇશ્વરના અવતારરૂપેજ ક્રાઇસ્ટ-મહમદ પેગંબર-ઝોરોઆસ્ટર એ સર્વ મહાપુરૂષો, દૈવી નરો, ઇશ્વરની વિભૂતિ વાળાજ થઇ ગયા છે અને તેમ ન હત તો જગતની પ્રજાઓનો આટલો મ્હોટો ભાગ તેમને માટે આવી માનની લાગણી આજ સુધી ધરાવતો ન હત.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

એ અક્ષરશઃ સત્ય છે, અને ભરતખંડ એકલામાજ જેમ આખી પૃથ્વી સમાયલી નથી તેમ ઇશ્વરના રૂપ આપણા દેશમા અવતરે ને બીજા દેશોમા ન અવતરે એમ માનવુ એ પણ ભૂલ ભરેલું છે. દૈવી શક્તિ વિના કોઇ ખરી રીતે પૂજાતું નથી, અને આપણી પ્રજા જેવીજ બીજી પ્રજાઓ જ્યારે કોઇ વ્યક્તિને ઇશ્વરવત્ માનતી હોય ત્યારે આપણે એટલું તો સ્વીકારવુંજ જોઇએ કે તેનામા પણ ઇશ્વરી અંશ હોવોજ જોઇએ માટે ખરી રીતે આપણા કૃષ્ણ ભગવાન્, રામચંદ્રજી આદિને જેવા આપણે પૂજ્ય ગણીએ છીએ તેવાજ ક્રાઇસ્ટને પણ ગણવા જોઇએ; અને ' उदारचरितानां तु वसुधैव कुटुम्बकं ' એ ન્યાયને અનુસરીને ભેદભાવ ગણવો ન જોઇએ. સર્વ ધર્મોમાં નીતિનાં સૂત્ર, સદાચારના નિયમો, ઇશ્વરી આજ્ઞા માનવાના આદેશો, સરખાજ છે; માત્ર તેનો અર્થ કરનારાઓની એકદર્શી દૃષ્ટિને લઇને કે મતાન્ધપણાને લઇને કે અજ્ઞાનતાને લઇને તેવી દૈવી આજ્ઞાઓનો અનર્થ કરવામા આવે છે, સ્વાર્થબુદ્ધિને લઇને ખોટા ઉપદેશો

કરવામાં આવે છે, ધર્મને બ્હાને અધર્મની પ્રવૃત્તિ થાય છે; એક બીજા ઉપર દ્વેષ રાખવાનો ઉપદેશ થાય છે; અને પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય છે. હું જ્યારે ન્હાનો હતો ત્યારે ક્રીસ્ટીયન મીશનરીઓનાં દેવળોમાં જતો, અને બાઇબલનો ઉપદેશ તેઓ કરતા તે સાંભળતો તે વેળા બાઇબલના અમુક શબ્દોનો વાસ્તવિક અર્થ કરવો જોઇએ તેને બદલે તેઓ બીજી રીતે કરીને ઇશ્વરની શી ઇચ્છા છે તે, જનસમૂહને, પોતાના મત પ્રમાણે સમજાવવાનો પ્રયત્ન કરતા ત્યારે હુ તેમની સામે ઉભો થતો, અને તેમના એ માની લીધેલા સ્વાર્થી મતનું ખડન કરતો; તેથી તેઓ મને કેટલીક વાર તેમનાં મંદિરોમાં ફરીથી આવવાનોજ અટકાવ કરતા, પરંતુ મ્હારા મનને તેથી ખાત્રી થતી કે તેઓ ખરો અર્થ સમજે છે ખરા, પણ સ્વાથ સાધવાની ખાતરજ આવો ખોટી રીતે લલચાવનારો ઉપદેશ અજ્ઞ જનોને કરે છે.”

આવી ચર્ચા થયા પછી તેઓએ અમને તે ગ્રંથ હાથમાં લઇને વાંચી જોવા પ્રેરણા કરી, અને તેનું મનન કરતાં અમને પણ લાગ્યું કે તેમાં ઉભરાતાં, સત્વર મનમાં અસર કરે એવા સત્ય વચનો–તેમાનાં ઉપદેશનાં વાક્યો–એવાં તો સર્વમાન્ય છે કે ક્રાઇસ્ટનું નામ તેની સાથે જોડાયાથી તેને અડકતાં અભડાઇ જઇએ એવી જે અમે સ્થૂલ દૃષ્ટિ રાખી હતી તે ભૂલ ભરેલી છે. મહેરબાન હરિદાસભાઇની પણ તેવીજ ખાત્રી થઇ અને સ્વામિજીની ઇચ્છાથી તેમણે તેની અનેક પ્રતિયો મંગાવીને પોતાના સંબંધમાં આવનાર કેટલાક સંસ્કારી પુરૂષોને તેની ભેટ આપી, તેની ખરી કીંમત સમજવામાં,– તેને અનુસરીને જીવન ગાળવાથી પોતાનો ભવ સુધારવામાં,–ઘણાકને મ્હોટું સાહાય્ય કર્યું. સ્વામિજીની આ કૃપા અમારા ઉપર કંઇ જેવી તેવી ન હતી. તે દિવસથી પ્રાતઃકાળે તથા રાત્રિયે સુતા પહેલાં એ ગ્રંથનો અમુક ભાગ વાંચવાનો મ્હેં નિયમ રાખ્યો હતો; અને તેની અસર મ્હારા મનપર જે થઇ છે–તેનાથી અનેક સંકટોને સમયે જે દિલાસાઓ અને ધીરજ મળ્યાં છે તે અવર્ણનીય છે.

આવા સદુપદેશના ભંડારમાંથી કંઇ કંઇ રત્નો વીણી કાઢીને આપણી ગુર્જર પ્રજા સમક્ષ મુકવાની મને ઘણા કાળ ઉપર તીવ્ર ઇચ્છા થઇ હતી પણ અવકાશને અભાવે તે આજ સુધી ફલીભૂત થઇ ન હતી.

હવે ઇશ્વરકૃપાથી કંઇક તેવો પ્રયત્ન કરવાની અનુકૂળતા પ્રાપ્ત થતાં યથાવકાશે કંઇકિ કંઇક તેમાંથી વાચકવર્ગ સમક્ષ મુકવાની હું હિંમત કરૂં છું. પરંતુ હું સમજુ છુ કે મ્હારો પ્રયત્ન तितीर्षु र्दुस्तरं मोहादुडुपेनाऽस्मि सागरम् એ મહાવાકયમાં આપણા મહાકવિયે ખુબીથી વર્ણવ્યા પ્રમાણે હોડકામાં બેસીને મહાસાગર તરવાની હામ ભીડવા જેવો છે. કેમકે ઇંગ્રેજી ભાષામાં આ મહર્ષિના અગાધ ગામ્ભીર્યયુક્ત વિચારો જેવી લાવણ્યતાથી તથા છટાદાર પણ સરલ શૈલિથી ઉતારેલા છે તેવી મને તો પ્રાપ્ત કરવાની આશાજ નથી. પણ 'ફુલ નહિ ને ફુલની પાંખડી' એ નિયમે વાચક વર્ગ જો તેનો સત્કાર કરશે. અને તેના મનનથી કોઇપણ જીવન સાફલ્ય કર્યાનો કંઇ પણ લાભ મેળવશે તો હું કૃતકૃત્ય થયો છું એમ માનીશ.

આ સાથેના ભાષાન્તરની નીચે આપણાં ધર્મશાસ્ત્રો, નીતિ આદિનાં શતકો, કાવ્યો, નાટકો વિગેરેમાંથી તેવાજ વિચાર દર્શાવનાર શ્લોકો મૂકેલા છે તેથી વાંચનારને ખાત્રી થશે કે સર્વ ધર્મના સિદ્ધાન્ત એકજ છે. આ શ્લોકોમાંના કેટલાક મેળવી આપવામાં મને અહીંની પાઠશાળાના શાસ્ત્રીજી મૂળશંકર દયારામની વિદ્વત્તાનો લાભ મળેલો છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

છ. છુ.

———:o:———

ક્રાઇસ્ટનું અનુકરણ.

પુસ્તક પહેલું.

પ્રકરણ ૧ લું.

જગત્‌ના સર્વ મિથ્યાભિમાનના તિરસ્કાર વિષે.

'મને અનુસરનારને અંધકારમા ગમન કરવું પડતું નથી.' પ્રભુના આ શબ્દો ઉપરથી આપણે એવો બોધ લેવાનો છે કે જો આપણે વાસ્તવિક રીતે પ્રબુદ્ધ થવું હોય અને અંતઃકરણ સર્વ મોહાન્ધકારથી મુક્ત કરવું હોય તો આપણે પ્રભુના વિશુદ્ધ વર્તનનું અનુકરણ કરવું જોઇએ.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે માત્ર બાહ્ય ઉપચારમાંજ તેવો આડંબર રાખવો. ચિત્ત-શુદ્ધિ એજ આવશ્યક છે.

ત્રિગુણાત્મક પ્રભુના અસ્તિત્વાદિ સંબંધી વાદવિવાદ ગંભીર પ્રકારે કરવો અને વિનીતભાવવિહીન હોઇને તેજ પ્રભુને અપ્રિય થવું એ કેવું વર્તન કહેવાય ?

મ્હોટા મ્હોટા શબ્દોમાં ભાષણો કરવાથી કંઇ પવિત્ર અને પ્રમાણિક થવાતું નથી. પરંતુ સદ્‌ગુણી જીવન ગાળવાથીજ પ્રભુને પ્રિય થવાય છે.

પશ્ચાત્તાપની વ્યાખ્યા સમજવા કરતાં મને તો પશ્ચાત્તાપ થાય એ હું વધારે પસંદ કરૂં.

આખું બાઇબલ તમારે જિહ્વાગ્રે હોય અને સર્વ તત્વવેત્તાઓનાં વચનો તમે મ્હોંયે કર્યાં હોય પણ પ્રભુ ઉપર તમારો પ્રેમ ન હોય તો એ સઘળું શા કામનું ? [1]

---

૧ સરખાવો:—

वेदस्याध्ययनं कृतं परिचितं शास्त्रं पुराणं स्मृतम् ।
सर्वं व्यर्थमिदं पदं न कमलाकान्तस्य चेत् कीर्तितम् ॥
उत्खातं सदृशीकृतं विरचितः सेकोम्भसा भूयसा ।
सर्वं निष्फलमालवालवलये क्षिप्तं न बीजं यदि ॥

પ્રભુ ઉપર પ્રેમ રાખવો અને એનીજ સેવા કરવી એ વિના અન્ય સર્વ મિથ્યાભિમાન છે.

સંસારનો તિરસ્કાર કરીને સ્વર્ગ પ્રાપ્ત કરવાનો માર્ગ શોધવાની પ્રવૃત્તિ કરવી એજ ખરૂં ડાહાપણ છે.

એટલા માટેજ નાશવંત લક્ષ્મીની પ્રાપ્તિ માટે અહર્નિશ પ્રયત્ન કરવો અને તેમાં વિશ્વાસ રાખવો એ મિથ્યા છે.

તેવીજ રીતે રાજસન્માનની લાલસા રાખવી અને ઉંચી પદ્દીએ પહોંચવાનો મોહ રાખવો એ પણ મિથ્યા છે.

શરીરની ભોગેચ્છાઓ તૃપ્ત કરવાનો માર્ગ લેવો, અને જેને માટે પાછળથી પીડાજનક શિક્ષા ભોગવવી પડે એવાં ક્ષણિક સુખ માટે શ્રમ વેઠવો એ પણ મિથ્યા છે.

ચિરકાળ સુધી આ જગત્માં જીવવાની આશા રાખવી પણ સારી રીતે જીવન ગાળવાની સંભાળ ન રાખવી એ પણ મિથ્યા છે.[1]

આ જન્મને માટેજ સર્વ કર્તવ્ય કરવું અને ભવિષ્ય કાળમાં જે આવવાનું છે તેનો આગળથી વિચાર ન કરવો એ પણ મિથ્યા છે.[2]

સત્વર નાશ પામનાર વસ્તુઓ ઉપર પ્રેમ રાખવો અને જ્યાં સર્વકાળ આનંદમાંજ રહેવાનું છે તે પ્રદેશમાં જવા માટે તૈયારી ન કરવી એ પણ મિથ્યા છે.

---

૧ જુઓઃ—

यज्जीव्यते क्षणमपि प्रथितं मनुष्यै-
र्विज्ञानविक्रमयशोभिरभज्यमानम् ।
तन्नाम जीवितमिह प्रवदन्ति सन्तः
काकोऽपि जीवति चिराय बलिं च भुंक्ते ॥

૨ સરખાવોઃ—

मौर्ख्यादागामिनं कालं वर्तमानक्रियाक्रमै-
रशोधयन्नरो दुःखं याति विंध्यगजो यथा ॥
(योगवासिष्ठ)

અને अनागतविधाता च प्रत्युत्पन्नमतिस्तथा
द्वावेतौ सुखमेधेते * * *

બહુ જોવાથી આંખને તૃપ્તિ નથી તેમ બહુ સાંભળવાથી કર્ણેન્દ્રિય પણુ તૃપ્ત થવાની નથી—એ મહાવાકયનું પુનઃ પુનઃ સ્મરણુ કરવું.[1]

સર્વ દૃશ્ય પદાર્થો ઉપરથી હૃદયની આસક્તિ દૂર કરવા અને જે અદૃશ્ય રૂપે રહેલા છે તે ઉપર ચિત્ત સ્થિર કરવા પ્રયત્ન આદરો, કેમકે જેઓ વિષયેન્દ્રિયોનેજ તૃપ્ત કરવામાં સદા પ્રવૃત્ત રહે છે તેઓ પોતાના અંતરાત્માને કલુષિત કરે છે અને પ્રભુનો પ્રેમ ખુવે છે.

પ્રકરણુ ૨ જું.

નિરહંકાર વિષે.

મનુષ્ય માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે પણુ જેને પ્રભુનો ડર નથી તેનું જ્ઞાન શા કામનું ?

કોઇ સ્વાભિમાની તત્વજ્ઞ આત્માની ઉપેક્ષા કરીને ગગનસ્થ નક્ષત્રાદિની ગતિ સમજવામાંજ શ્રમ લેતો હોય તેના કરતાં પ્રભુની સેવા કરનાર ગરીબ ગામડીઓ નિઃશંક હજાર ગણો સારો છે.

જેને પોતાનું સારી રીતે ભાન થાય છે તે સ્વાભિમાની મટીને વિનીત બને છે અને લોકોની સ્તુતિથી ફુલાઇ જતો નથી.[2]

જગતના સર્વ પદાર્થોનું મને સંપૂર્ણ જ્ઞાન હોય પણુ મ્હારામાં દયા ન હોય તો પ્રભુ સમક્ષ મને એ જ્ઞાન શા ઉપયોગમાં આવવાનું ? એ તો મ્હારો ન્યાય કર્માનુસારજ કરશે.

---

૧ न जातु कामः कामानामुपभोगेन शाम्यति
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ (महाभारत)

૨ જુઓઃ— यदा किंचिदज्ञोऽहं द्विप इव मदान्धः समभवम् ।
तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः ॥
यदा किंचित्किंचिद् बुधजनसकाशादवगतम् ।
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥

જ્ઞાન પ્રાપ્ત કરવાની અતિલાલસા રાખવી નહિ કેમકે તેમાં ઘણો વ્યામોહ અને છલ રહેલો છે.

બીજાઓની આગળ પોતે વિદ્વાન્ દેખાય, અને જગત્માં ડાહ્યા ગણાય એટલાથીજ પંડિતો બહુ સંતુષ્ટ રહે છે. પણ આપણે જાણીએ છીએ કે ઘણાક પ્રકારનાં જ્ઞાનથી આત્માને નહિ જેવો લાભ થાય છે અથવા તેટલો પણ થતો નથી, માટે જે કોઇ પોતાના મોક્ષાર્થે ઉપયોગી થાય એવા પદાર્થો મુકીને અન્ય વસ્તુઓનું જ્ઞાન સંપાદન કરવામાં પ્રવૃત્ત રહે છે તે ઘણો અવિદગ્ધ જાણવો.

શબ્દો ઘણા જાણવાથી આત્માને સંતોષ થતો નથી પણ સન્માર્ગે ગાળેલું જીવન મનને સુખી રાખે છે, અને શુદ્ધ અંતઃકરણ, પ્રભુ સમીપ જતાં તેની કૃપાનું પાત્ર થવાની દૃઢ પ્રતીતિ આપે છે.

જો ત્હારૂં જીવન પણ અધિક પવિત્ર નહિ હોય તો જેટલું ત્હારૂં વધારે જ્ઞાન ને જેટલી ત્હારી વધારે સારી સમજ તેટલીજ ત્હારી પ્રભુ પાસે કસોટી વધારે સખ્ત થવાની.

એટલા માટે કોઇ કળા કે શાસ્ત્રની પ્રવીણતા માટે ત્હારા મનમાં ગર્વ રાખતો નહિ પણ તે જ્ઞાનનો ઉપયોગ વધારે વિનીત અને સાવધ બનવામાં કરજે.

તું એમ ધારતો હોઉં કે હું બહુ સમજું છું અને બહુ જાણું છું તો તેની સાથે એટલું પણ ધ્યાનમાં રાખજે કે હજી બીજું ઘણુંએ ત્હારે જાણવાનું બાકી છે.[1]

ડાહાપણનો ડોળ કરીશ નહિ પણ ત્હારૂં પોતાનું અજ્ઞાન સ્વીકારવાનું વધારે પસંદ કરજે.

બીજાઓના કરતાં તું ચઢે છે એમ કેમ ગણે છે? ત્હારા કરતાં મહા સમર્થ વિદ્વાનો અને ધર્મશાસ્ત્રીઓ ઘણા પડેલા છે.

---

૧ જુઓ:—

सर्वः सर्वं न जानाति सर्वज्ञो नास्ति कश्चन ।
नैकत्र परिनिष्ठाऽस्ति ज्ञानस्य पुरुषे क्वचित् ॥ (महाभारत)

કોઇ પણ શાખાનું જ્ઞાન સંપાદન કરીને ત્હારે લાભ લેવો હોય તો તું કેમ અજ્ઞાત રહે અને ત્હારી પ્રશંસા કેમ ઓછી થાય એમ ઇચ્છજે.

સાચું આત્મજ્ઞાન અને આપણા પોતાના વિષેનો વિચાર એ સર્વોત્તમ અને સર્વથી અધિક લાભકારક અભ્યાસ છે.[1]

આપણી પોતાની મહત્તા છેજ નહિ એમ માનવું અને બીજાઓને વિષે સર્વદા સારો તથા ઉચ્ચ અભિપ્રાય ધરાવવો એજ મ્હોટું ડહાપણ અને પૂર્ણતા છે.

કદી બીજાને તું સ્પષ્ટ રીતે પાપ કરતાં અથવા કોઇ મહા ગંભીર દોષ કરતાં જુએ તો પણ તેથી ત્હારા પોતાના વિષે ત્હારે તેના કરતા ચઢીયાતા હોવાનું અભિમાન રાખવું નહિ, કેમકે તું પોતે સારી સ્થિતિમા ક્યાં સુધી રહેશે તે કંઇ ત્હારા જાણવામાં નથી.

મનુષ્ય માત્ર દોષને પાત્ર છે પણ તું ઓછો ને ત્હારા કરતાં બીજા વધારે દોષિત છે એમ ત્હારે માનવાનું નથી.

પ્રકરણ ૩ જું.

સત્ય માર્ગ વિષે.

ધન્ય છે સત્યનુંજ જેને શિક્ષણ મળે છે તેને.[2] આકડા અને અક્ષરો તો નાશવંત છે. સત્ય એકજ સ્થાયી છે.

આપણો મત અને આપણી લાગણીઓ ઘણી વાર આપણને છેતરે છે, અને તેનાથી થોડુંજ પારખી શકાય છે.

દુર્બોધ અને ગૂઢ વસ્તુઓના સંબંધમાં મિથ્યાવાદ અને તકરાર

---

૧. જુઓ.— सर्वेषामेव चैतेषामात्मज्ञानं परं स्मृतम् ।
तद्ध्यग्र्यं सर्वविद्यानाम् प्राप्यते ह्यमृतं ततः॥ (मनु)

૨. જુઓ:—धन्याः खलु महात्मानो मुनयः सत्यसंमताः (वाल्मीकि)
सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा । (उपनिषद्)

કરવાનું શું ફળ છે ? એના અજ્ઞાનને માટે પ્રભુ આપણાં શુભાશુભ કર્મનો ન્યાય કરતી વેળા કંઇ આપણને ઠપકો નહિ આપે.

ઉપયોગી અને આવશ્યક પદાર્થો છોડીને જે માત્ર જિજ્ઞાસાજ તૃપ્ત કરે અને હાનિકારક હોય તે સેવવા એ મ્હોટી મૂર્ખાઇ છે. એ તો છતી આંખે કુવામાં પડવા જેવુ છે.

સામાન્ય ન્યાય અને વૈશેષિકને લગતા નૈયાયિકોના શુષ્ક વિચારોનું આપણે શુ કામ છે ?

જેને શાશ્વતિક શબ્દ જોડે વાત થઈ તે અનાવશ્યક સંકલ્પ વિકલ્પની જાળમાંથી છુટયો એમ સમજવુ, કેમકે એ એક શબ્દમાંથીજ સર્વ વસ્તુઓની ઉત્પત્તિ છે[1] અને બધી વસ્તુઓ એ શબ્દનોજ ઉચ્ચાર કરે છે, અને આદ્ય પણ તેજ છે ને આપણને સંબોધે છે પણ તેજ.

એ શબ્દ રહિત કોઇ પણ મનુષ્ય યોગ્યાયોગ્ય વિચાર કે ન્યાય કરી શકતો નથી.

જેને મન સર્વ વસ્તુ એક રૂપજ છે, જે સર્વ વસ્તુઓનું મૂળ એકજ જુવે છે અને જે એકમાં સર્વ વસ્તુઓ જુવે છે તે મનની નિવૃત્તિ ભોગવીને પરબ્રહ્મમાં લીન થઈ રહે છે.[2]

ઓ પ્રભુ! તુંજ એક સત્ છે. ત્હારી અક્ષય્ય દયાથી મને ત્હારામાં વિલીન કર્ય.

ઘણી વાર મને કેટલાક વિષયો સંબંધી વાંચતાં કે તેની ચર્ચા સાભળતા નિર્વેદ ઉત્પન્ન થાય છે મ્હારી સર્વ ઇચ્છા ત્હારામાંજ સમાયલી છે.

---

૧. સરખાવોઃ— यतः सर्वाणि भूतानि प्रतिभान्ति स्थितानि च ।
यत्रैवोपशमं यान्ति तस्मै सत्यात्मने नमः ॥
વળી, यतो वा इमानि भूतानि जायन्ते इत्यादि શ્રુતિ વાકય,
અને जन्माद्यस्य यतः ઇત્યાદિ બ્રહ્મસૂત્ર વાકય.

૨. સરખાવોઃ— सर्वभूतेषु यः पश्येद् भगवद्भावमात्मनः ।
भूतानि भगवत्यात्मन्येष भागवतोत्तमः ॥ (श्रीमद् भागवत)

આચાર્યો સર્વ શાન્ત રહો. પ્રાણી માત્ર ત્હારી દૃષ્ટિ આગળ મૌન ગ્રહણ કરો. તું એકલોજ મ્હારી સાથે સંભાષણ કર્ય.

જેમ જેમ મનુષ્ય સ્વાત્મા સાથે વધારે સંયુક્ત રહે છે અને અંતર્ની સાદાઇ તથા શુદ્ધિ રાખે છે તેમ તેમ તે વિના શ્રમે ઉચ્ચતર વસ્તુઓનું વધારે સારૂં જ્ઞાન મેળવી શકે છે, કેમકે એની બુદ્ધિને માટે પ્રકાશ ઉપરથી પડે છે.

શુદ્ધ, નિષ્કપટી અને દૃઢ આત્મા અનેક કાર્યમાં વ્યાપૃત છતાં વ્યામોહ પામતો નથી; કેમકે તે સર્વ કાર્ય ઇશ્વર નિમિત્તજ કરે છે અને અંતર્માં શાન્ત અને સ્થિર હોવાથી કોઇ કાર્યમાં પોતાનો લાભ શોધતો નથી.

ત્હારા અંત:કરણની અનભિભૂત કામવાસના કરતાં વધારે તને કોણ અંતરાય રૂપ થઇ પડે છે ને શ્રમ આપે છે[૧] ?

જે ભલો અને ધર્મનિષ્ઠ માણસ છે તે પોતાને બ્હારથી જે કામ કરવાનું હોય તેનો મનમાંથી પહેલોજ નિકાલ કરી નાખે છે.

તેના મનની અમર્યાદ અભિલાષાઓ પ્રમાણે કોઇ કામમાં તે દોરાઇ જતો નથી, પરંતુ પોતાની વિવેક–બુદ્ધિના આદેશ અનુસાર તે સર્વ વસ્તુઓ ઉપર શાસન ચલાવે છે.

સ્વાત્માને વશ કરવાને જે મથે છે તેના કરતાં વધારે તુમુલ યુદ્ધ કોને કરવાનું છે ?

આત્મા ઉપર વિજય મેળવવો, પ્રતિદિવસ વધારે વધારે બલવાન્ થવું અને પવિત્રતામાં દિવસે દિવસે વૃદ્ધિ કરવી એજ આપણો ઉદ્દેશ હોવો જોઇએ–એનેજ માટે આપણે સર્વદા પ્રયત્નશીલ થવું જોઇએ.

આ જીવનમાં ગમે તેટલી પરિપૂર્ણતા આવે તોપણ તેમાં કેટલીક તો અપૂર્ણતા મિશ્રિત રહેવાનીજ. આપણું કોઇ પણ જ્ઞાન એવું નથી કે જેની સાથે કંઇક પણ મોહાન્ધકાર રહેલો નહિ હોય.

---

૧ **સરખાવો**:—कामबंधनमेवेदम् नान्यदस्तीह बंधनम् ।
कामबंधनमुक्तो हि नेह भूयोभिजायते ॥ (श्री व्यास)

વિદ્વત્તાને માટે મહાશ્રમથી પ્રયાસ કરવો તેના કરતાં હલકું પણ આત્મજ્ઞાન મેળવવું એ પ્રભુ પાસે પહોંચવાનો વધારે ખાત્રીવાળો માર્ગ છે.

તોપણ વિદ્વત્તાને આપણે ઉપાલંભ આપવાનો નથી, તેમ કોઇપણ વસ્તુનું જ્ઞાન મેળવવા તરફ અણગમો રાખવાનો નથી, કેમકે તે કાર્ય પોતે સારૂં છે ને પ્રભુએ નિર્માણ કરેલું છે, પરંતુ શુદ્ધ અંતઃકરણ અને સદ્‌ગુણી જીવન તેના કરતાં હંમેશાં વધારે પસંદ કરવા યોગ્ય છે.

ઘણા જણ ઉચ્ચ પ્રકારનુ જીવન ગાળવાને બદલે માત્ર જ્ઞાન સંપાદન કરવાનાજ પ્રયત્ન કરે છે તેથી તેઓ વારંવાર ઠગાય છે અને તેમના જ્ઞાનનું તેમને કંઇજ ફળ મળતું નથી, અને કદાચ મળે છે તો સ્વલ્પજ.

અરે ! જો મનુષ્યો પ્રશ્નો ઉભા કરવામાં—શંકાઓ કાઢવામાં—જેટલો શ્રમ લેછે તેટલો દુર્ગુણનો સમૂલ નાશ કરવામાં અને તેને બદલે સદ્‌ગુણનું સ્થાપન કરવામાં લેતા હોય તો આટલી બધી હાનિ થાય નહિ, તેમજ જગતમાં આટલી મ્હોટી નિંદા જન્મ પામે નહિ અને ધર્મસ્થાનોમાં જે શિથિલતા અને દુરાચાર પ્રસરી રહ્યાં છે તે પ્રસરે નહિ.

ખરેખર, ઇશ્વર જ્યારે આપણો ન્યાય કરશે ત્યારે આપણે શું શું વાચ્યુ છે તેની પરીક્ષા લેશે નહિ પણ આપણે શું કર્યું છે તે પૂછશે. આપણે કેવી સારી રીતે ભાષણો કર્યાં છે તેની તપાસ કરશે નહિ પણ આપણે કેવી ધર્મનિષ્ઠાથી જીવન ગાળ્યુ છે તે જોશે.

મને કહો તો ખરા કે જે મ્હોટા મ્હોટા પંડિતો અને શિક્ષાગુરૂઓની સાથે, તેઓ જીવતા હતા અને વિદ્વત્તાનો આડંબર રાખતા હતા, ત્યારે તમારે સારો પરિચય થયેલો તે બધા હાલ કયાં છે ?[1]

હવે તેમને સ્થાને બીજા દાખલ થયા છે અને તેઓને ભાગ્યેજ એ બીચારાઓનું નામ-સ્મરણ પણ થતું હશે. તેમની હયાતીમાં તેઓ કંઇક બહાર પડતા પણ આજ તો તેમની કોઇ વાતે કરતું નથી.

જગતની કીર્તિ કેવી ક્ષણભંગુર છે ? અરે ! તેમનું જીવન તેમની વિદ્વત્તાને અનુસરતું હોત તો કેવું સારૂં ? ત્યારે તો તેઓ ભણ્યા ગણ્યા તે પણ સાર્થક કહેવાત.

---

૧. આને મળતો વિચાર નીચે જણાવેલો છે:—

क्व गताः पृथिवीपालाः ससैन्यबलवाहनाः ।
वियोगसाक्षिणी येषां भूमिरद्यापि तिष्ठति ॥

પ્રભુની સેવા ભુલીને મિથ્યા વિદ્વત્તાનો ડોળ કરનારા આ જગત્‌માં કેટલા બધા નાશ પામી ચુકયા છે ?

તેઓ નમ્ર થવાને બદલે મ્હોટા ગણાવાનુ પસંદ કરે છે તેથી તેઓ પોતાના મનમાં મિથ્યાભિમાની બને છે.

જે ભૂત-દયામા મ્હોટો તેજ ખરેખર મ્હોટો છે.[1]

જે પોતાને નાનો માને છે. ને કોઇપણ ઉચી પદ્વીને લેખામાં ગણુતો નથી તેજ ખરેખર મ્હોટો છે.

પ્રભુની પ્રાપ્તિને અર્થે સર્વ ઐહિક પદાર્થોને જે પુરીષવત્ માને છે તેજ ખરેખર ડાહ્યો છે.[2]

આત્મેચ્છાને ત્યજી દઇને જે ઇશ્વરેચ્છાને અનુસરે છે તેજ ખરેખરો પંડિત છે.

પ્રકરણ ૪ થું.

આપણાં કાર્યોમાં ડાહાપણ તથા દૂરદર્શિત્વ રાખવા વિષે.

પ્રત્યેક કથન કે સૂચનાને આપણે કાન દેવો ન જોઇએ, પરંતુ ઇશ્વરેચ્છા અનુસાર સર્વ વસ્તુઓ ઉપર સાવધાનપણે અને નિવૃત્તિયે વિચાર કરવો જોઇએ.

પણ દીલગીરી એટલીજ છે કે આપણી નિર્બળતાને લીધે આપણે બીજાઓને માટે સારો શબ્દ બોલવાને બદલે તેમના સંબધી ખોટું માનીએ છીએ અને તેમની નિંદા કરીએ છીએ.

જેઓ પરિપૂર્ણ હોય છે તેઓ પોતાને જે કંઇ કહેવામાં આવે છે તે બધું ઝટ લઇને માની લેતા નથી. કેમકે તેઓ જાણે છે કે મનુષ્ય માત્રની નિર્બલતા દુરાલાપ પ્રતિ ઉદ્યત રહે છે અને જોઇએ તેવા શબ્દો તેમના મ્હોંમાંથી ભાગ્યેજ નીકળે છે.

---

૧. જુઓ શ્રીમત્ શંકરાચાર્યનું વચનામૃતઃ—

को धर्मो भूतदया कि सौख्यमरोगिता जगति ।

૨. સરખાવો.—वैराग्यं पुनरेतस्य ज्ञानस्य परमोऽवधिः—

ज्ञानादेव च वैराग्यं जायते येन मुच्यते ॥

કોઇ કામમાં અવિચારી થવું નહિ.[1] તેમજ પોતાની મગરૂરીમાં કડક થઇને રહેવું નહિ એનું નામજ ખરૂં ડાહાપણ છે.

તેમજ જે જે કંઇ કાને પડે તે સર્વ સાચુજ છે એમ માનવું નહિ, અને જે કંઇ સાંભળવામાં આવે અથવા આપણા માન્યામાં આવે તે બીજાને પાછું ઝટ લઇને કહી પણ દેવું નહિ.

જે ડાહ્યો અને શુદ્ધ મનવાળો હોય તેની સલાહ લેવી અને આપણા પોતાનાજ તર્ક વિતર્કને અનુસરવાને બદલે આપણાથી ચઢીઆતો હોય તેની શીખામણ પ્રમાણે ચાલવું.[2]

સન્માર્ગે જીવન ગાળવાથી પ્રભુને પ્રિય થઇ પડે એવું ડાહાપણ આવે છે અને ઘણી વસ્તુઓનો અનુભવ મળે છે.

જેટલે દરજ્જે મનુષ્ય વિનીત અને પ્રભુને અધીન તેટલે દરજ્જે તે પોતાના કાર્યમાં દૂરદર્શી થશે[3] અને અંતઃકરણની શાન્તિ તથા નિવૃત્તિ વધારે અનુભવશે.

પ્રકરણ ૫ મું.

ધર્મશાસ્ત્રોના અધ્યયન વિષે.

ધર્મશાસ્ત્રો વાંચીને સત્યનું શોધન કરવાનું છે,[4] વકતૃત્વનું નહિ.

ધર્મશાસ્ત્રોનો પ્રત્યેક વિભાગ જે ઉદ્દેશથી લખાયો છે તેજ ઉદ્દેશથી વાંચવાનો છે.

---

૧. સરખાવોઃ—सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः ॥
(भारवि)

૨. જુઓઃ— नैकाकी निर्णयं कुर्यादिष्टे कृत्यविधौ क्वचित् ।

૩. ,, विद्या हृद्यापि साऽवद्या विना विनयसंपदम् ।
प्रयाति नम्रशिरसां सहस्रगुणतां गुणः—(भारतमंजरी)

૪. ,, अणुभ्यश्च महद्भ्यश्च शास्त्रेभ्यः कुशलो नरः ।
सर्वतः सारमादद्यात् पुष्पेभ्य इव षट्पदः ॥

ધર્મશાસ્ત્રોમાંથી આપણે આપણા આત્માનો લાભ શોધવાનો છે પણ વાગ્-વૈદગ્ધ્ય મેળવવાનું નથી.

ઉચ્ચા પ્રકારના અને દુર્બોધ ગ્રંથો જેવી ખુશીથી આપણે વાંચીએ તેવીજ ખુશીથી આપણે સાદા અને ભક્તિ-પોષક ગ્રંથો પણ વાંચવા જોઈએ.

ગ્રંથકર્ત્તાની વિદ્વત્તા વધારે કે ઓછી હોય તેથી તેના અધિકાર માટે કંઇ સારૂં ખોટું લગાડવું નહિ પરંતુ શુદ્ધ સત્યના પ્રેમથીજ પ્રત્યેક ગ્રથ હાથમાં વાંચવા લેવો.

આ ઉપદેશ આપનાર કોણ છે તે જોવાનું નથી પણ ઉપદેશ કેવા પ્રકારનો આપેલો છે તે ધ્યાનમાં રાખવાનું છે.[1]

ઉપદેશ આપનારા તો ચાલ્યા જાય છે પરતુ પ્રભુનુ સત્ય શાશ્વત રહે છે. પ્રભુ આપણી સાથે વિવિધ પ્રકારે વાત કરે છે—કેવા પુરૂષદ્વારા પોતે પ્રકટ થાય છે તેની કંઈ તેને દરકાર નથી.

ધર્મશાસ્ત્રના અધ્યયનમાં ઘણી વાર આપણે જે ભાગ બહુ શ્રમ લીધા વિના ઉપર ઉપરથી જોઈ જવો જોઇએ, તેમા આપણે મ્હોટા મ્હોટા તર્ક અને વાદવિવાદ કરવા જઇએ છીએ તેથી આપણી જિજ્ઞાસાજ આપણી પ્રગતિને રોકે છે.

જો અધ્યયનથી તું કંઇક પણ લાભ પ્રાપ્ત કરવાની આશા રાખતો હોઉં તો વિનીત ભાવે સરલતાથી અને ભક્તિથી વાચજે, પરતુ ત્હારી વિદ્વત્તાના કેમ વખાણ થાય એવો ઉદ્દેશ કદી રાખીશ નહિ.

શ્રદ્ધાથી પ્રશ્ન કરજે અને પવિત્ર પુરૂષો ઉત્તર આપે તે શાન્ત ચિત્તે સાંભળજે.[2] વૃદ્ધોએ જે દૃષ્ટાન્ત આપેલાં છે તેને વખોડીશ નહિ, કેમકે તે કંઇ કારણ વિના મુકેલાં નથી.

---

१. युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिव त्याज्यमप्युक्त पद्मजन्मना ॥ (योगवासिष्ठ)

२. तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्वदर्शिनः ॥ (श्रीमद् भागवत)

પ્રકરણ ૬ ઠું.

અપરિમિત અનુરાગ વિષે.

જ્યારે જ્યારે કોઇ પુરૂષને કોઇ વસ્તુને માટે અપરિમિત મોહ થાય છે ત્યારે ત્યારે તે સત્વર તેના મનમાં અસ્વસ્થ બને છે.[1]

અભિમાની અને લોભીને કદી નિવૃત્તિ છેજ નહિ. દરિદ્ર અને અંતરાત્મામાં વિનીત ભાવ રાખનાર સાથે સુખે વસે છે.[2]

જેણે પોતાની વાસનાને પૂરેપૂરી જીતી નથી તે નિર્જીવ અને ક્ષુદ્ર વસ્તુઓથી પણ સત્વર લોભાય છે અને તેમને વશ થઇ જાય છે.

જેનો આત્મા નિર્બળ અને જે ઇંદ્રિય-ગ્રાહ્ય વસ્તુઓ ઉપર કોઇ રીતે પણ મોહાન્ધ હોય છે તે ઐહિક ભોગ-તૃષ્ણાથી ભાગ્યેજ પરિપૂર્ણ રીતે નિવૃત્ત થઇ શકે છે, અને તેથીજ તેને તેમનો ત્યાગ કરતા વારવાર દુઃખ થાય છે, અને જ્યારે તેને કંઇક પ્રતિબંધ નડે છે, ત્યારે તે ઝટ ક્રોધના આવેશમાં આવી જાય છે.

અને જો કદી તે પોતાની તૃષ્ણાને તૃપ્ત કરે છે તો પછી તરતજ તેના અંતઃકરણમા પશ્ચાત્તાપનો કીડો કરડે છે; કેમકે તેના વિકારને અધીન થવાથી તેને, ધારેલી શાન્તિ તો જરાએ મળતી નથી.

અંતઃકરણની ખરી શાન્તિ આપણા વિકારોનો પ્રતિરોધ કરવાથી મળે છે—તેમને વશ થવાથી નહિ.

આ ઉપરથી એટલું સમજવું કે વિષયાન્ધ મનુષ્યને અથવા બાહ્ય

---

૧. જુઓ:– रागो लिंगमबोधस्य चित्तव्यायामभूमिषु ।
कुतः शाद्वलता तत्र यत्राग्निः कोटरे तरोः ॥ (सुरेश्वराचार्य)

૨. यावद्यावदहंकारवारिदः परिजृम्भते ।
तावद्विकासमायाति तृष्णाकुटजमंजरी ॥
अकिंचनस्य दान्तस्य शान्तस्य समचेतसः ।
मया संतुष्टमनसः सर्वा सुखमया दिशः ॥

પદાર્થો ઉપર આસક્તિ રાખનારને અંતઃકરણની શાન્તિ છેજ નહિ. એ તો જે ધર્મિષ્ઠ અને ભક્તિમાં મગ્ન હોય તેને માટેજ છે.[1]

પ્રકરણ ૭ મું.

નાશવંત મિથ્યા આશા અને વૃથાભિમાન વિષે.

મનુષ્યમાં કે કોઇપણ પ્રાણિમાં વિશ્વાસ મુકનાર વૃથાભિમાની સમજવો.

પ્રભુ પ્રીત્યર્થે પર સેવા કરવાથી કે જગત્‌માં દરિદ્ર ગણાવાથી શરમાવું નહિ.

અહંકાર ન કરતાં પ્રભુ ઉપર આસ્થા રાખવી.

યથાશક્તિ જે બને તે કરવું–તેથી પ્રભુ ત્હારા સદ્‌ભાવને સાહાય્ય કરશે.

ત્હારા પોતાનાજ જ્ઞાન ઉપર કે કોઇ સજીવ પ્રાણીના વૈદગ્ધ્ય ઉપર વિશ્વાસ રાખીશ નહિ, પણ પ્રભુ, જે વિનીતને સાહાય્ય કરે છે અને અભિમાનીઓનો મદ ઉતારે છે તેના અનુગ્રહ ઉપર શ્રદ્ધા રાખજે.

તું ધનવાન હોઉં તો ત્હારા ધનનો કે ત્હારા મિત્ર સબળ હોવાથી તેનો ગર્વ કરીશ નહિ, પણ પ્રભુ જે સર્વનો દાતા છે અને જે પોતે તને દાન કરવાનું સર્વથી વધારે ઇચ્છે છે તેનું અભિમાન રાખજે.

---

૧. સરખાવો – मनसो निग्रहायत्तमभयं सर्व योगिनाम् ।
दुःखक्षयः प्रबोधश्चाऽप्यक्षया शान्तिरेव च ॥ (गौडपादकारिका)
विहाय कामान् यः सर्वान् पुमांश्चराति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छाति ॥ (भगवद्‌गीता)
विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।
स एव कल्पते मुक्त्यै नाऽन्यः षट्‌शास्त्रवेद्यापि ॥
(श्रीमत् शंकराचार्य–विवेकचूडामणि)

ત્હારા શરીરના મહા પ્રમાણુ માટે કે સૌંદર્ય માટે આત્મશ્લાઘા કરીશ નહિ, કેમકે જરાક મંદવાડ આવી પડતાંજ તે કુરૂપ બની જશે અને નાશ પામશે.[1]

ત્હારા સ્વાભાવિક ગુણોથી કે ત્હારા પરિહાસજનક વાક્-ચાતુર્યથી ફુલી જતો નહિ, કેમકે તેમ કરવાથી પ્રભુને તુ નાખુશ કરે છે-ત્હારી સર્વ સ્વાભાવિક શક્તિયોને આપનાર તેજ છે.

બીજાઓ કરતાં તું ચઢીઆતો છે એવી માન્યતા રાખીશ નહિં કેમકે પ્રભુ તો મનુષ્ય માત્રમાં શું રહેલું છે તે જાણે છે અને તેની દૃષ્ટિયે તું કદાચ બીજાઓ કરતાં હલકો લેખાઇશ.

સત્કર્મ કર્યાનું અભિમાન રાખીશ નહિ,[2] કેમકે પ્રભુનો ન્યાય મનુષ્યના ન્યાયથી જુદોજ છે, અને મનુષ્યોને જે ગમે છે તેથી પ્રભુ ઘણીવાર કુપિત થાય છે.

ત્હારામાં કંઇપણ સદ્ભાવ છે એમ તું માનતો હોઉં તો એટલું પણ યાદ રાખજે કે બીજાઓમા તેથી વધારે છે,[2] અને તેમ કર્યાથીજ ત્હારા આત્મામાં તું નમ્રતાનું સંરક્ષણ કરી શકીશ

---

૧. જુઓ:— मा कुरु धनजनयौवनगर्वं हरति निमेषात्कालः सर्वं ।
मायामयमिदमखिलं हित्वा ब्रह्मपद त्वं प्रविश विदित्वा ॥
नलिनीदलगतजललवतरलं तद्वज्जीवितमतिशयचपल ।
विद्धि व्याध्यभिमानग्रस्तं लोकं शोकहतं च समस्त ॥
द्वादशपंजरिका स्तोत्रम्
यावज्जीवो निवसति देहे कुशलं तावत् पृच्छति गेहे ।
गतवति वायौ देहापाये भार्या बिभ्यति तस्मिन् काये ॥
चर्पटपंजरिकास्तोत्रम् ॥

૨. સરખાવો:— धनिभ्यो धनिनः सन्ति वादिभ्यः सन्ति वादिनः ।
बलिभ्यो बलिनः सन्ति तस्माद्दर्पं विवर्जयेत् ॥
गुणानां संपदां लोके यशसामर्थतेजसाम् ।
अविच्छिन्नः प्रकर्षोय मुपर्युपरि वर्तते ॥ (क्षेमेन्द्र कवि)

બીજાઓ કરતાં નીચા ગણાવામાં તને કંઈ હાનિ નથી, પણ બીજા કોઇ કરતાં તું પોતાને ઉંચો ગણે તેમાંજ હાનિ છે.

વિનયશીલ નિરંતર શાન્તિ ભોગવે છે, પરંતુ મિથ્યાભિમાનીઓનાં અંતઃકરણમાં સદાકાળ ઇર્ષ્યા અને ઘણી વાર ક્રોધ જાગૃત રહે છે.

પ્રકરણ ૮ મું.

અતિ પરિચયના તિરસ્કાર વિષે.

ત્હારૂં અંતઃકરણ સર્વ કોઇની પાસે ખુલ્લું કરીશ નહિ, પણ ત્હારાં કાર્યની વાત ડાહ્યા પુરૂષોની તથા પ્રભુનો ડર રાખનારાઓની આગળજ કરજે.

યુવાનો તથા અપરિચિત જનો સાથે બહુ વાર્તાલાપ કરીશ નહિ.

ધનીઓની ખુશામત કરીશ નહિ, તેમજ જાણી જોઇને મ્હોટા માણસો પાસે જઇને ઉભો રહીશ નહિ.[૧]

નમ્ર અને સાદાઓની તથા ભક્તો અને સદ્‌ગુણીઓનીજ સોબત રાખજે, અને તેમની સાથે એવાજ વિષયોની વાત કરજે કે જેથી તને લાભ મળે[૨]

કોઈ પણ સ્ત્રીના પરિચયમાં આવતો નહિ,[૩] પરંતુ સામાન્ય રીતે સર્વ સારી સ્ત્રીઓની ઇશ્વર પાસે પ્રશંસા કરજે.

---

૧. જુઓ ભર્તૃહરિનું વૈરાગ્યશતકઃ—

अमीषां प्राणानां तुलितविसिनीपत्रपयसां ।
कृते किं नास्माभिर्विगलितविवेकैर्व्यवसितम् ॥
यदाढ्यानामग्रे द्रविणमदनिःशंकमनसाम् ।
कृतं वीतव्रीडैर्निजगुणकथापातकमपि ॥

૨. **જુઓઃ—** क्षणमपि साधोः संगतिरेका भवति भवार्णवतरणे नौका ।
संगः सत्सु विधीयतां भगवतो भक्तिर्दृढा धीयताम् ॥
(श्रीमत् शंकराचार्य)

૩. **સરખાવોઃ**— विरमत बुधा योषित्संगात् सुखात् क्षणभंगुरात् ।
कुरुत करुणामैत्री प्रज्ञावधूजनसंगमम् ॥ (भर्तृहरि वै. श.)

એકલા પ્રભુના અને તેના દૂતોનાજ પરિચયમાં આવવાને ઇચ્છજે. મનુષ્યોની સાથે ઓળખાણ કરવાથી દૂર રહેજે.

સર્વ ભૂત ઉપર અનુકંપા રાખવી પરંતુ સર્વ સાથે પરિચય રાખવો ઇષ્ટ નથી.

કેટલીકવાર એવું બને છે કે કોઇ અજાણ્યા માણસનાં બ્હારથી બીજાઓ વખાણ કરે તે ઉપરથી આપણને તેને માટે માનની લાગણી થાય છે પરંતુ તેનો પ્રત્યક્ષ સમાગમ થતાં દૃષ્ટાઓની આંખને તે રૂચિકર થઇ પડતો નથી.

કેટલીક વાર આપણે આપણા સહવાસથી બીજાઓને ખુશી કરવાનું ધારીએ છીએ પણ તેથી ઉલટુંજ તેઓ આપણા દુર્ગુણો જોઇને આપણાથી નારાજ થાય છે.

પ્રકરણ ૯ મું.

આજ્ઞાપાલકત્વ અને અધીનતા વિષે.

આપણા ઉપરીની આજ્ઞાને અધીન રહેવું અને પોતાના મનધાર્યું કરવું નહિ એ મ્હોટી વાત છે.

સત્તા ભોગવવી તેના કરતાં કોઇની સત્તામાં રહેવું એ વધારે સલામતીવાળું છે.

ઘણાક જણ પુણ્યાર્થે નહિ પણ ન છુટકે બીજાને અધીન રહે છે; તેઓ અસંતુષ્ટ હોય છે, અને જરાજરામાં ખેદ પામે છેઃ પ્રભુ પ્રીત્યર્થ સ્વાત્માને રાજીખુશીથી અને શુદ્ધ અંતઃકરણથી પરાધીન ન બનાવે ત્યાં સુધી તેઓને મનનું સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત થઇ શકતું નથી.

તું ગમે ત્યાં ભટકીશ પણ ઉપરીના શાસન નીચે નમ્રતાથી રહ્યા વિના તને શાન્તિ મળવાની નથી. કલ્પનાશક્તિ અને સ્થાનાન્તરના લોભે ઘણાએ ઠગાયા છે.

એ તો સત્ય છે કે પ્રત્યેક જણ પોતાની મનોવૃત્તિને અનુકૂળ હોય તેજ કરે છે, અને તેના સમસ્વભાવવાળા હોય તેના ઉપરજ સૌથી વધારે અસર કરી શકે છે; પરંતુ પ્રભુ આપણામાં વસતો હોય તો આપણી

શાન્તિને માટે આપણાજ મતને આગ્રહ પૂર્વક વળગી રહેતાં કેટલીકવાર અટકવું જોઇએ.[1]

એવો કોઇ ડાહ્યો નથી કે જે સર્વજ્ઞ હોય, માટે ત્હારા પોતાના મનનો અતિ વિશ્વાસ રાખીશ નહિ, પણ બીજાઓ જે ન્યાય પુરઃસર કહેતા હોય તે પણ સાંભળવાને તત્પર રહેજે.

ત્હારો મત ખોટો ન હોય તથાપિ ત્હારે ઇશ્વરનિમિત્ત તે મુકી દેવો પડતો હોય અને બીજાનો સ્વીકાર કરવો પડતો હોય તો તેથી પણ તને લાભજ છે.

મ્હેં ઘણી વાર સાભળ્યું છે કે ઉપદેશ આપવા કરતાં તે સાંભળવો ને ગ્રહણ કરવો એ વધારે સલામતી ભરેલુ છે.

એમ પણું બને કે પ્રત્યેકનો મત સાચો હોય; પરતુ ખાસ કારણને લઇને જરૂર પડે ત્યારે પણ બીજાના મતને અધીન ન થવું એ મિથ્યાભિમાન તથા દુરાગ્રહનુ ચિહ્ન છે.

પ્રકરણ ૧૦ મું.

શબ્દોની પુનરૂક્તિ ત્યજવા વિષે.

મનુષ્યોના કોલાહલમાંથી જેમ બને તેમ દૂર રહેજે. કેમકે ઐહિક કાર્યોની ચર્ચા શુદ્ધ મને કરવામા આવે તોપણુ તે સત્ય માર્ગે ગમન કરવામા મહા અન્તરાયરૂપ થઇ પડે છે. કારણ કે આપણે જલદીથી ભ્રષ્ટ બનીને મિથ્યા ગર્વની જાળમાં ફસાઇ જઇએ છીએ.

હું ઇચ્છુંછું કે ઘણી વાર હુ મૌન ધારણ કરીને રહ્યો હત અને જન-સમૂહમાં ભળી ગયો ન હત તો વધારે સારૂં.[2]

---

૧. જુઓ:— बुद्धेः फलमनाग्रहः ।

૨. જુઓ. मौनं सर्वार्थसाधनम् ।

તથા वासे बहूनां कलहो भवेद्वार्ता द्वयोरपि ।
एक एव चरेत्तस्मात् कुमार्या इव कंकणः॥ (दत्तात्रेय वचनम्)

પણ આપણને એક બીજા સાથે વાતોમાં અને વાદવિવાદમાં ઉતરવાની શા માટે આટલી બધી ઉત્કંઠા થાય છે? આપણે જાણીએ તો છીએ કે તેવા વિવાદને પરિણામે પાછી શાન્તિ પ્રસરે છે ત્યારે આપણાં અંતઃકરણમાં વિકાર ઉત્પન્ન થયા વિના ભાગ્યેજ રહે છે.

આપણે ચર્ચા કરવાનું આટલું બધુ મન થાય છે તેનું કારણ તો એ છે કે ભેગા મળીને વિવાદ કરવાથી આપણે એક બીજા પાસેથી સમાશ્વાસન મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ અને ભિન્નભિન્ન વિચારોથી નિર્વિણ્ણ થયેલા આપણા અંત.કરણને સ્વેચ્છાએ શાન્ત કરવા માગીએ છીએ.

અને આપણને વાત વિચાર પણ આપણા મનને ઘણાજ ગમતા વિષય સંબંધે અથવા તો જે આપણને અતિશય પ્રતિકૂળ છે એમ આપણે માનતા હોઇએ તેના સંબધેજ કરવામાં બહુ રસ પડે છે.

પણ અફસોસ કે એ સર્વ ઘણે ભાગે વ્યર્થ અને નિષ્પ્રયોજન નીવડે છે; કેમકે આવું બ્હારનું સમાશ્વાસન અંતર્વૃત્તિના અને દૈવી સુખમાં કંઇ થોડું વિઘ્નકારક થઇ પડતું નથી.

એટલા માટે આપણે સાવધાન રહીને પ્રભુ પાસે એટલુંજ માગવું કે આપણો કાળ નિરર્થક વહ્યો જાય નહિ. [૧]

જો આપણે સંભાષણ કરવું વ્યાજબી અને યુક્તજ હોય તો જેથી બીજાને ઉપદેશ થાય એવાજ વિષય પરત્વે બોલવું.

આજ સુધી પડી ગયેલો દુષ્ટ આચાર અને આપણા આત્માના ઉત્કર્ષની ઉપેક્ષા એ, આપણી જિહ્વા ઉપર આટલો થોડો અંકુશ રાખવામાં વિશેષ કરીને કારણભૂત છે.

પરંતુ જો ધાર્મિક વિષયો ઉપર ચર્ચા કરવા માટે સમાજો ભરાય અને તેમાં જો વિશેષે કરીને એકજ મનના અને એકજ મતના મનુષ્યો પ્રભુ પ્રીત્યર્થ ભેગા મળેલા હોય તો આત્મોન્નતિને ઘણું સાહાય્ય મળે.

---

૧. જુઓ:-आयुः क्षणलवमात्रं न लभ्यते हेमकोटिभिः क्वापि ।
तच्चेद् व्यर्थं गच्छति विमृश ततः काऽधिका हानिः ॥

પ્રકરણ ૧૧ મું.

શાન્તિ અને ધર્મકાર્યમાં પ્રગતિ પ્રાપ્ત કરવા વિષે.

બીજાઓ શું કહે છે અને શું કરે છે તેમાં, અને જેની સાથે આપણે કંઇ સંબંધ ન હોય એવી વસ્તુઓમાં આપણે માથું ન ઘાલીએ તો આપણા જીવને ઘણીજ શાન્તિ રહે.

જે બીજાઓની ચિન્તા પોતાને માથે વ્હોરી લે, શાન્તિની શોધમાં બ્હાર ભટકતો ફરે [૧] અને પોતાના હૃદયમાં અંતર્ગત આત્માને કવચિતજ સંભારે તેણે શાશ્વત શાન્તિની આશા કયાંથી રાખવી?

એકજ વસ્તુનું અનન્યભાવથી ધ્યાન અંતઃકરણમાં કરનારા સુખી હોય છે, કેમકે તેમને ઘણીજ શાન્તિ મળે છે. [૨]

કેટલાક સાધુ પુરૂષો એટલા બધા પરિપૂર્ણ અને ધ્યાનગ્રસ્ત હતા તેનું કારણ શું? એજ કે તેઓ સર્વ ઐહિક વાસનાઓનો પૂરેપૂરો સંયમ કરવામાં શ્રમ લેતા અને તેથીજ તેઓ અક્ષત હૃદયે અને સ્થિર ચિત્તે પ્રભુનું ચિન્તન કરી શકતા તથા પવિત્ર એકાન્ત વાસમા સ્વતંત્રપણે રહેતા.

આપણે તો મનોવિકારનેજ વશ બની ગયા છીએ અને ક્ષણ ભંગુર વિષયો માટે અતિ આતુર રહીએ છીએ તેમજ આપણા કોઇ દુર્ગુણને આપણે ભાગ્યેજ પૂરેપૂરો જીતીએ છીએ, અને પ્રતિદિવસ વધારે ઉત્કર્ષ પામવાની તીવ્ર ઇચ્છા આપણા મનમાં જ્વલિત પણ થતી નથી તેથી આપણે નિરૂત્સાહી અને મંદોષ્ણ રહીએ છીએ.

---

૧. જુઓ ભર્તૃહરિ—વૈરાગ્યશતક—

पातालमाविशसि यासि नभो विलंघ्य
दिग्मंडलं भ्रमसि मानसचापलेन ।
भ्रान्त्वापि जातु विमलं कथमात्मनीनं
तद्ब्रह्म न स्मरासि निर्वृतिमेषि येन ॥

૨. नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यंति धीरा स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥
(उपनिषद्)

આપણે આપણી વાસનાઓને પૂરેપૂરી મારી હોય અને આપણા હૃદયમાં કોઇ પ્રકારની આકુળવ્યાકુળતા ન હોય તો આપણે નિશ્ચિત દૈવી પ્રમોદનો સ્વાદ ચાખી શકીએ, અને સ્વર્ગીય ચિન્તનનો કંઇક અનુભવ પણ કરી શકીએ.[1]

મ્હોટામાં મ્હોટું, અને ખરૂં કહીયે તો જે કંઇ વિઘ્ન આપણને આ કામમાં નડે છે તે આપણા મનોવિકાર અને વિષયવાસનાની આસક્તિ છે.

આપણી પૂર્વે થઇ ગયેલા ઋષિ મુનિયોએ દર્શાવેલે માર્ગે ચાલવાનો આપણે પ્રયત્ન પણ કરતા નથી, અને જ્યારે સ્વલ્પ પણ વિપત્તિ આપણી ઉપર આવી પડે છે ત્યારે આપણે સત્વર નિરાશ થઇ જઇને, મનુષ્યો તરફથી મળતો દીલાસો લેવા દોડીએ છીએ.

જો આપણે શૂરવીર નરોની પેઠે યુદ્ધમાં સ્થિર રહેવાનો પ્રયત્ન કરીએ તો નિશ્ચિત આપણને સ્વર્ગમાંથી પ્રભુનું અનુકૂળ સાહાય્ય મળ્યા વિના રહેજ નહિ. કેમકે જે આપણને યુદ્ધનો પ્રસંગ, આપણો વિજય થાય એવા હેતુથી આપે છે તે, મરદાનીથી લડનારને તથા તેની કૃપા ઉપર વિશ્વાસ રાખનારને મદદ કરવા તૈયારજ છે.

માત્ર અમુક બાહ્ય આચાર વિચાર પાળવામાંજ આપણા ધાર્મિક જીવનની પ્રગતિ સમાયેલી છે એમ આપણે ગણતા હોઇએ તો આપણી ભક્તિનો સત્વર અંત આવ્યો એમજ સમજવું.[2] ખરી રીતે તો આપણે મૂળમાંજ કુહાડો મુકીને સર્વ વિકારોનું નિકંદન કરી નાંખવુ જોઇએ કે જેથી આપણા આત્માને માટે આપણે વિશ્રાન્તિ મેળવી શકીએ.

---

૧. જુઓ:- यच्च कामसुखं लोके यच्च दिव्य महत्सुखम् ।
तृष्णाक्षयसुखस्यैते नार्हतः षोडशीं कलाम् ॥
तथा प्रौढवैराग्यमास्थाय वीततृष्णः सुखी भव (अष्टावक्र)

૨. સરખાવો:-જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે,
શુ થયું ધરિ જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લુંચન કીધે.
* * * નરસિંહ મહેતો.

तथा गंगाजलेन कृत्स्नेन मृदोभारैश्च गोमयैः ।
आमृतेराचरन् शौचं भावदुष्टो न शुध्यति ॥

જો પ્રત્યેક વર્ષે આપણે એક એક દુર્ગુણનું ઉન્મૂલન કરતા રહીએ તોપણ ઝટ આપણે પરિપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકીએ. પણ આપણે ઘણી વાર જોઇએ છીએ કે આપણું વર્તન વિપરીતજ થાય છે અને સન્યાસ ગ્રહણ કરવા વખતે આપણે વધારે સારા અને વધારે શુદ્ધ હોઇએ છીએ પણ તે આશ્રમમાં ઘણાં વર્ષ રહ્યા પછી ઉલટા આપણે અધોગતિ પામ્યા હોઇએ છીએ.

આપણી ભક્તિ અને ઉન્નતિ રોજ રોજ વધવી જોઇએ, પણ આજ તો કોઇ મનુષ્ય પોતાનો અગાઉનો ઉત્સાહ જરા પણ ટકાવી શકે તો તે મ્હોટી વાત ગણાય છે!

પ્રારંભમાં જો આપણે જરા હિંમત રાખીને મનોબળ વાપરીએ તો પાછળથી આપણે સર્વ કાર્યો સહેલાઇથી અને આનંદથી કરી શકીએ.

જે વિષયમા આપણી આસક્તિ હોય તેને ત્યજવો એ બહુ કઠિન છે પણ તેના કરતાંએ આપણી મનોવૃત્તિને રોકવી એ વધારે કઠિન છે. [૧]

પણ તું જો ઝીણી ઝીણી અને હલકી વસ્તુઓનોએ ત્યાગ નહિ કરી શકે તો પછી વધારે કઠિન વસ્તુઓને કેમ છોડી શકીશ?

પ્રારંભમાંજ ત્હારી અભિલાષાને રોકી દેજે અને દુષ્ટ ટેવ પડી હોય તે ભુલી જજે; નહિ તો ધીમે ધીમે તે ત્હારા ઉપર સ્વાર થઇને તને મુશ્કેલીમાં નાંખશે.

સદ્વર્તનથી તું ત્હારા આત્માને કેટલી શાન્તિ આપી શકે અને બીજાઓને કેટલો આનંદ આપી શકે તેનો તેં ક્ષણવાર પણ વિચાર કર્યો હોય તો હું ધારૂં છું કે ત્હારા આત્માની ઉન્નતિને માટે તું વધારે કાળજી રાખ્યા વિના રહેજ નહિ.

---

૧. સરખાવો:– अप्यब्धिपानान्महतः सुमेरून्मूलनादपि ।
अपि वह्न्यशनात् साधो विषमश्चित्तनिग्रहः ॥ (योग वासिष्ठ)

तथा असंशयं महाबाहो मनो दुर्निग्रहम् चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ (भागवद्गीता.)

પ્રકરણ ૧૨ મું.

આપત્તિના લાભ વિષે.

આપણુને કેટલીક વાર કંઇ સંકટ આવી પડે છે અને વિઘ્ન નડે છે તે પણ ઠીક છે; કેમકે તેવે સમયે જ મનુષ્ય પોતાના અંતરાત્મામા ઉંડો ઉતરીને વિચાર કરે છે ને સમજે છે કે પોતે જાણે ત્યાંથી બહિષ્કૃત થયો છે, અને કોઇ પણ સાંસારિક પ્રાણિ ઉપર, તે આપત્તિ દૂર કરવા માટે વિશ્વાસ રાખવો ઉચિત નથી.

આપણે સત્કાર્યમાં પ્રવૃત્ત હોઇએ અને શુભચિન્તક હોઇએ તોપણ આપણી મનોવૃત્તિયોને કેટલીક વાર વિરોધ નડે, આપણુને કષ્ટ પડે, અથવા આપણો અહંકાર ઓછો થાય એ પણ સારૂં છે. આથી ઘણી વાર નમ્રતા પ્રાપ્ત કરવામાં આપણુને સાહાય્ય મળે છે અને મિથ્યા ગર્વથી આપણે બચી જઇએ છીએ કેમકે બ્હારથી જ્યારે આપણો તિરસ્કાર મનુષ્યો કરતા હોય અને આપણો કોઇ વિશ્વાસ કરતું ન હોય ત્યારે આપણે વિશેષ કરીને પ્રભુને અંતરનો સાક્ષી રાખવાને શોધીએ છીએ.

એટલા માટેજ મનુષ્યે પ્રભુ ઉપર એવી દૃઢ આસ્થા રાખવી જોઇએ કે પોતાના જાતિ ભાઇઓ પાસેથી સુખ શોધવા જવુ ન પડે [1]

જ્યારે કોઇ સત્પુરૂષને દુઃખ પડે છે, લાલચ નડેછે, અથવા કુવિચારો ઘેરી લે છે ત્યારે પ્રભુની તેને કેટલી બધી ગરજ છે તે તે યથાર્થ સમજે છે અને તે જાણે છે કે તેના વિના કાંઇ પણ સત્કર્મ તે કરી શકે એમ છેજ નહિ આટલાં દુઃખ સહન કરવાં પડે છે ત્યારેજ તે શોક કરે છે, વિલાપ કરે છે અને પ્રભુનું સ્મરણ કરે છે [2]

ત્યારેજ તે દીર્ઘકાળ જીવવાથી કંટાળે છે ને મૃત્યુની યાચના કરેછે કે દુઃખમાંથી મુકત થઇને પોતે પ્રભુ સમીપ વસી શકે.

---

૧. જીતની પ્રીત હરામમેં, તિતની હરિમેં હોય,
ચલા જાય બૈકુંઠમેં, પાઉં ન પકડે કોય.

૨. સુખે સાંભરે સોની, ને દુઃખે સાંભરે રામ.

ત્યારેજ તે યથાર્થ સમજે છે કે પરિપૂર્ણ નિવૃત્તિ અને પૂરેપૂરી શાન્તિની આ સંસારમાં આશા રાખવી એ વ્યર્થ છે.'

પ્રકરણ ૧૩ મું.

લોભ લાલચને રોકવા વિષે.

જ્યાં સુધી આ સંસારની ઉપાધિમાં આપણે રહેવાનું છે ત્યાં સુધી આપણને કષ્ટ અને ક્ષોભ-મોહ તો નડવાનાંજ.[2] આપણા મહર્ષિયો લખી ગયા છે તેમ પૃથ્વી ઉપરનું મનુષ્ય-જીવન મોહમય છે.[3] માટે આપણે એવી માયાજાળમાં ફસવાથી સાવધ રહેવું જોઇયે, અને પ્રાર્થના વડે તેમાંથી મુક્ત થવાની અપેક્ષા રાખવી જોઇએ કે દુષ્ટ ભૂત પિશાચો આપણને ઠગવાનો લાભ લઇ જાય નહિ. એવાં ભૂતો કદિ નિદ્રાવશ થતાંજ નથી પણ ભક્ષ શોધતાંજ ફરે છે.

ગમે તેવો પરિપૂર્ણ અને પવિત્ર મનુષ્ય હોય તો પણ તેને કોઇક વાર પણ કંઇક મોહ વળગવાનોજ. તેનાથી તદન રહિત તો કોઇ હોતુંજ નથી.

આવો મોહ કષ્ટોત્પાદક અને દુ:ખકર હોય છે તથાપિ તે ઘણીવાર આપણને બહુ ઉપયોગી થઇ પડે છે કેમકે તે દ્વારાજ મનુષ્ય નમ્ર, વિશુદ્ધ અને સુશિક્ષિત બને છે.

સર્વ સાધુ પુરૂષોને ઘણાં કષ્ટ અને મોહમાયામાંથી માર્ગ કરવો પડયો છે પણ તેથી તેમને લાભજ થયો છે, અને જેઓ એ મોહથી મનને વારી શકયા નથી તેઓ દુર્વૃત્ત બની અધોગતિ પામ્યા છે.

---

૧. જુઓ ભર્તૃહરિ:— जीवे वारितरंगभंगचपले सौख्यं कुतः प्राणिनाम् ।

૨. मनोरथानामसमाप्तिरस्ति वर्षायुतेनापि न चाब्दलक्षैः ।
पूर्णेषु पूर्णेषु पुनर्नवानामुत्पत्तयः सन्ति मनोरथानाम् ॥ (विष्णुपुराण)
તથા कः शत्रु वेद खेददानकुशलो दुर्वासनासंचयः । (भर्तृहरि)

૩. જુઓ:—पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ।

કોઇપણુ આશ્રમ એવો પવિત્ર નથી ને કોઇ પણ સ્થાન એવું ગુહ્ય નથી કે જેમાં માયા અથવા સંકટો પ્રવેશ કરી ન શકે. [1]

આ જગત્માં વસતો હોય ત્યાં સુધી માયાથી પરિપૂર્ણ રીતે વિરક્ત રહે એવો તો કોઇ મનુષ્ય છેજ નહિ, કેમકે આપણામાંજ તેનું બીજ છે – દુષ્ટ વાસનાઓ લઇનેજ આપણે અવતરીએ છીએ. [2]

એક પ્રકારની માયા અથવા દુઃખ ગયું કે બીજું આવ્યુંજ છે, [3] એમ આપણને સદાકાળ કંઇનું કંઇ ભોગવવું તો પડવાનુંજ, કેમકે આપણી સુખી અવસ્થામાથી આપણો અધઃપાત થયો છે.

કેટલાક મનુષ્યો મોહથી દૂર રહેવા મથેછે પરંતુ તે ઉલટા વધારે ને વધારે લપટાય છે.

માત્ર તેનાથી દૂર રહેવાથીજ આપણે તેનો પરાજય કરી શકતા નથી. કેવલ ધૈર્ય અને સાચી નમ્રતા હોય તોજ આપણા સર્વ શત્રુઓ કરતાં આપણે વધારે સબલ બની શકીએ છીએ. [4]

જે માત્ર બ્હારથીજ તેમનો ત્યાગ કરેછે અને તેમનું ખરેખરૂં ઉન્મૂલન કરતો નથી તેને લાભ થતોજ નથી. અરે ! તેની પાસે તો તે લોભ લાલચો વધારે ને વધારે ઝડપથી વળગતી આવેછે અને પ્રથમના કરતાં પોતે અધિક દુઃખકર સ્થિતિમાં છે એમ તેને અંતે જણાય છે.

---

૧ જુઓ ભગવદ્ગીતાઃ–

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।

२. शरीरसहजो नूनमनादिर्वासनाक्रमः (क्षेमेन्द्र कवि)

૩. જુઓઃ– एकस्य दुःखस्य न यावदन्तं गच्छाम्यहं पारमिवार्णवस्य ॥
तावद्द्वितीयं समुपस्थितं मे छिद्रेष्वनर्था बहुली भवन्ति ॥

૪. જુઓ ભર્તૃહરિ વૈરાગ્યશતકઃ–

एतस्माद्विरमेन्द्रियार्थगहनादायासदादाशु च ।
श्रेयो मार्गमशेषदुःखशमनव्यापारदक्षं शृणु. ॥
शान्तं भावमुपैहि संत्यज निजां कल्लोललोलां मतिम्,
भूयो मा भज भंगुरां भवरतिम् चेतः प्रसीदाधुना ॥

બલાત્કારે અને ત્હારી પોતાનીજ આજીજીથી દૂર કરવા કરતાં, ધીમે ધીમે, દીર્ઘ કાળનું દુઃખ, પ્રભુકૃપાથી ધૈર્યાવલંબન દ્વારા સહન કરીને તું તેને વધારે સરલતાથી દૂર કરી શકીશ.[1]

જ્યારે કોઇ મોહ-જાળ ઉપસ્થિત થાય ત્યારે બનતા સુધી સત્પુરૂષની સલાહ લેવી.

એવો મોહ-પાશ-બદ્ધ શરણે આવે ત્યારે તેની સાથે સખ્તાઇથી વર્તવું નહિ, પણ તને પોતાનેજ જો તે પ્રમાણે થયું હત તો તું સામા માણસ પાસેથી કેવી વર્તણુકની આશા રાખત તે વિચારીને તેને દીલાસો આપવો.

સર્વ દુષ્ટ વાસનાઓનું મૂળ મનની અસ્થિરતા અને પ્રભુ પર વિશ્વાસની ખામી છે.

જેમ સુકાન વિનાનુ વાહાણુ મોજાંના ઝપાટાથી આમ તેમ ગોથાં ખાય છે તેવીજ રીતે જે મનુષ્ય પ્રમાદી રહે છે અને પોતાનો ઉદ્દેશ મુકીને ફાંફાં મારે છે તેને લાલચો બહુ નડે છે.

અગ્નિ જેમ લોહની કસોટી કાઢે છે તેમ મોહ ન્યાયી પુરૂષની.

ઘણી વાર તો આપણે શું કરવાને શક્તિમાન્ છીએ તે આપણે પોતે જાણતા નથી પણ આપણે વાસ્તવિક રીતે કેવા છીએ તે મોહ આપણને બતાવી આપે છે.

તોપણ આપણે સાવધ રહેવું જોઇએ—તેમાં વિશેષ કરીને મોહ-માયા આપણને ફસાવવા આવે ત્યારે. કેમકે તે શત્રુને જો આપણાં હૃદય—દ્વારમાં પ્રવેશ કરવા ન દઇએ પણ બ્હાર હોય ને દ્વાર પહેલીજ વાર ઠોકતો હોય ત્યારેજ જો તેની સામા આપણે થઇએ તો તેનો પરાજય આપણે વધારે સરલતાથી કરી શકીએ છીએ.

---

૧. જુઓઃ—

न तथैतानि शक्यते संनियतुमसेवया ।

विषयेषु प्रजुष्टानि यथा ज्ञानेन नित्यशः ॥ (मनुः)

આટલા માટેજ કોઇએ કહ્યું છે કે:–પ્રારંભેજ દુષ્ટ વાસનાઓને રોકી રાખો, કેમકે ઘર સળગ્યા પછી કુવો ખોદવા જવું એ નિરર્થક છે.[1]

કેમકે પ્રથમ તો મનમાં દુષ્ટ વાસનાનો માત્ર વિચારજ આવે છે,–પછી તેની સબળ કલ્પના ઉપસ્થિત થાય છે,–પછી તેમાં આનંદ જામે છે–પછી દુષ્ટ ક્રિયા થાય છે–અને આખરે મન તે સ્વીકારે છે.

એ પ્રમાણે આપણા દુષ્ટ શત્રુને જો પ્રારંભમાં જ આપણે રોકી દઇએ નહિ તો તે ધીમે ધીમે આગળ વધતો વધતો આપણાં હૃદયમાં પૂરેપૂરો પ્રવેશ કરે છે, અને એ પ્રમાણે સામે થવામાં મનુષ્યો જેટલી વાર કરે છે તેના પ્રમાણમાંજ તેઓ પ્રતિદિવસ નિર્બળ થતા જાય છે અને શત્રુ તેમની સામે સબળ બનતો જાય છે.[2]

કેટલાકને સન્યાસના પ્રારંભમાંજ માયા બહુ લલચાવે છે, કેટલાકને અંતકાળમાં, અને કેટલાકને તો લગભગ આખા જીવન પર્યંત તેની પીડા રહે છે. પ્રભુએ પોતાના ડાહાપણથી અને ન્યાયબુદ્ધિથી નિર્માણ કર્યું હોય છે તે પ્રમાણે કેટલાક મોહ-પાશમા જલદીથી ફસાય છે ને કેટલાક મોડા. પ્રભુ તો પ્રત્યેક મનુષ્યની સ્થિતિ અને યોગ્યાયોગ્યતાની તુલના કરે છે અને પોતાના માનીતાઓના સુખને માટેજ સર્વ વસ્તુઓની વ્યવસ્થા કરે છે.

માટે આપણને જ્યારે માયાનું આવરણ ઉપસ્થિત થાય ત્યારે આપણે નિરાશ થઇ જવું નહિ પરંતુ પ્રભુની ભક્તિ વિશેષ ઉત્સાહથી કરવી કે તે આપણને આપણાં સર્વ સંકટના સમયમાં સહાય થવાનો અનુગ્રહ કરે. લાગ્રયની સાથે પ્રભુ એવો પરિણામ લાવી મૂકશે કે તે આપણાથી સહન થઇ શકે.

---

१. यावत्स्वस्थमिदं शरीरमरुज यावच्च दूरे जरा
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत् क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥ (भर्तृहरी)

२. जातमात्रं न यः शत्रुं रोगं च प्रशमं नयेत् ।
महाबलोऽपि तेनैव वृद्धिं प्राप्य स हन्यते ॥

એટલા માટે જ્યારે જ્યારે મોહ-માયા અને સંકટો આપણને દુભાવે ત્યારે ત્યારે આપણે આપણો આત્મા પ્રભુનો આશ્રય લઇને વિનમ્ર કરવો, કેમકે વિનમ્ર આત્માનું તે રક્ષણ કરે છે અને તેને પાછો તે ઉન્નતિ પ્રાપ્ત કરાવે છે.

મનુષ્યને જ્ઞાનનો કેટલો લાભ થયો છે તેની કસોટી લોભ લાલચો અને આપત્તિને પ્રસંગેજ કઢાય છે, અને તેને પરિણામે જો તે ટકી શકયો હોય તો તેને બદલો પણ વધારે સારો મળે છે અને તેની ખુબીઓ વિશેષ ગૌરવથી પ્રકાશે છે.[1]

ભક્તિમાં લીન અને ઉત્સાહી મનુષ્યને જો કંઇ સંકટ સહન કરવુ ન પડે તો તે કંઇ મ્હોટી વાત કહેવાય નહિ, પણ જો આપત્તિને સમયે તે ધૈર્યથી વર્તે તો તો ઇશ્વરનો અનુગ્રહ પામવાને વિશેષ પાત્ર છે એમ સમજવું.

કેટલાકોને મહા બલવાન્ માયાની જાળમાંથી દૂર રાખવામાં આવે છે અને રોજ નડતી નાની લાલચોથી તેઓનો ઘણો વાર પરાભવ થાય છે—તે એટલા માટે કે તેઓ નમ્ર બનીને એમજ માને કે આપણે આવી આવી નાની બાબતોમાં હારી જઇએ છીએ તો પછી મ્હોટી બાબતોમાં આપણે ટક્કર ઝીલીજ કેમ શકીશું ?—અને આમ માનીને તેવી લાલચોના પ્રસંગમાં આવવાની તેઓ હિંમતજ ધરે નહિ.

પ્રકરણ ૧૪ મું.

અવિચારી નિર્ણય ત્યજવા વિષે.

ત્હારા પોતાનાજ આત્મા ઉપર ત્હારી દૃષ્ટિ ફેરવ, અને બીજાના કૃત્યોનો નિર્ણય નહિ કરવાની સંભાળ રાખ. અન્ય જનો સંબંધી અભિપ્રાય બાંધવામાં આપણે મિથ્યા શ્રમ લઇએ છીએ, ઘણી વાર ભૂલો કરીએ છીએ, અને સહેલાઇથી પાપમાં પડીએ છીએ, પરંતુ આપણા પોતાનાજ

---

१. ज्ञातज्ञेयस्य मनसो नूनमेताद्धि लक्षणम् ।
न स्वदंते समग्राणि भोगवृंदानि यत् पुनः ॥ (योगवासिष्ठ)

સંબંધે ન્યાય કરવાથી અને આપણાં કૃત્યોનો વિચાર કરવાથી આપણો શ્રમ સર્વદા સફળ બને છે.[1]

આપણે તો વસ્તુઓ જેવી માની લઇએ છીએ તે પ્રમાણે તેનો ઘણી વાર ન્યાય કરીએ છીએ; કેમકે આપણો પોતાનો ગુપ્ત અનુરાગજ આપણને સહેલાઇથી સત્ય ન્યાય કરતાં અટકાવે છે.

આપણે સદાકાળ શુદ્ધ મને પ્રભુને પામવા ઇચ્છતા હોઇયે તો આપણને, આપણા વિષયાન્ધ મનની પ્રતિકૂળતાને લઇને આમ ઝટ દુઃખ થાય નહિ.

પરંતુ ઘણી વાર અંદરખાનેથી કંઇક બીજીજ વાસના પ્રચ્છન્ન રૂપે રહેલી હોય છે, અથવા બ્હારથી આવી નડે છે ને તે આપણને તેના ભણી આકર્ષે છે.

ઘણાઓ તો પ્રત્યેક કાર્યમાં અંદરથી પોતાનુંજ હિત શોધે છે અને તેમ કરે છે તે જાણતા નથી.

વળી જ્યારે બધું પોતાની ઇચ્છા અને અભિપ્રાયને રૂચતું થાય ત્યારે તેઓ ખુબ શાન્તિમાં રહેતા જણાય છે પણ તેથી વિપરીત થાય કે તરત તેઓનો મીજાજ હાથમાથી જાય છે અને તેઓ ચીઢીઆ બને છે.

વિચારો અને અભિપ્રાયોની ભિન્નતાથી ઘણી વાર મિત્રોમાં અને સહવાસીઓમાં—ધાર્મિક જનોમાં અને ભકતોમાં તકરારો થાય છે.

પ્રાચીન આચાર વિચાર તોડવો બહુ કઠિન છે, અને કોઇપણ મનુષ્ય પોતે સમજી શકે છે અથવા પસંદ કરે છે તેના કરતા વિશેષ, કોઇના કહેવાથી માનવાને રાજી હોતો નથી.

જે સદ્ગુણ તને પ્રભુની આજ્ઞાને અધીન કરે છે તેના કરતાં તું જો ત્હારી પોતાનીજ વિચારશક્તિ અથવા ઉદ્યમ ઉપર વધારે વિશ્વાસ રાખીશ તો તું પ્રબુદ્ધ ભાગ્યેજ થઇ શકીશ. પ્રભુ તો આપણે પરિપૂર્ણ રીતે તેને અધીન થઇએ એમ ઇચ્છે છે અને તેમ થવાથીજ તેના પ્રેમથી ઉત્તેજિત-ઉદ્દીપ્ત-થઇને આપણે મનુષ્ય જાતિના વિચારની સાકડી મર્યાદા ઓળંગી શકીએ છીએ.

---

१. धिषणादपि धिषणवान् परदूषणभूषणं तु यः कुरुते ।
तस्मादप्यधिकतरः स्वदूषणं यो विजानाति ॥

પહેલો અંક તૈયાર છે.

નવ જીવન.

અને

સત્ય.

નવા જમાનાના વિચારો અને ભાવનાઓ પ્રસારતું ગુજરાતમાં નવું માસિક. કદ ૪૮ પાનાં.

વાર્ષિક લવાજમ (પોસ્ટેજ સાથે) રૂ. ૨-૦-૦.

પુસ્તકશાળાઓ, વિદ્યાર્થીઓ અને ગુજરાતી નિશાળના શિક્ષકો માટે રૂ. ૧-૧૧-૦.

મોરારજી ગોકુલદાસ ચાલ, ગિરગામ, મુંબઈ. | ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક તંત્રી અને પ્રકાશક.

ગુર્જર સાહિત્ય શૃંગાર.

સચિત્ર આના સીરીઝ.

ચન્દ્રહાર.

ગુજરાતના વિદ્વાન્ લેખકોની કસાયલી કલમથી લખાયલી અત્યુત્તમ વાર્તાઓ અને આકર્ષક ફોટાઓ સાથે ચાલુ માસથી બહાર પડે છે. અગાઉથી ૧-૨--૦ એડવાન્સ તરીકે ભરનારને એક પુસ્તક ભેટ પ્રથમ પુષ્પ પ્રખ્યાત લેખક કવિ **वसन्त** ની કલમથી લખાયલી " પ્રેમી પંખીડું " અને " વસંત-લીલા " નામની વાર્તાઓ અને ચાર સુંદર ફોટાઓ સાથે બહાર પડી ચૂકયું છે માત્ર બે આનાની ટીકીટ બીડનારને મોકલવામાં આવશે. વાર્ષિક ગ્રાહકોને પ્રથમ પુષ્પ વી. પી. થી મોકલવામાં આવશે.

લખો:—

મેનેજર " ચન્દ્રહાર "

ગલેમંડી—સુરત.

જાહેર ખબર.

પંડયા છગનલાલ હરિલાલ તરફથી થોડ જ વખતમાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થશે,

કાદમ્બરી.

સચિત્ર સટીક આવૃત્તિ પાંચમી.

બંગાલ તથા મુંબઇના પ્રખ્યાત ચિત્રકારોના સામટાં ચિત્રો પહેલીજ વાર આપવા છતાં મૂલ્ય એનું એજ.

સાદા પુંઠાવાળીના	સોનેરી પુંઠાવાળીના
રૂ. ૨—૦—૦	રૂ. ૨-૮—૦

ધી ઇમીટેશન ઓફ ક્રાઇસ્ટનું ગુજરાતી ભાષાંતર.

"ક્રાઇસ્ટનું અનુકરણ."

પુસ્તક પહેલું.

પુષ્કળ સંસ્કૃત પ્રમાણો સહિત.

ધાર્મિક તથા નૈતિક બોધને માટે આ પ્રાચીન ગ્રંથ અદ્વિતીય છે.

મૂલ્ય રૂ. ૧—૦—૦

મનોરંજક વાર્તાવલિ.

અનેક સાસારિક વિષયો સબંધે વિવિધ માસિકોમાં પ્રસિદ્ધ કરવામા આવેલી રસમય વાર્તાઓનો સગ્રહ.

મૂલ્ય રૂ. ૧—૦—૦

દિવસ વ્યાપારથી શ્રમિત મનને વિનોદ આપનાર

હાસ્યજનક વાર્તાલાપ.

ભિન્ન ભિન્ન પ્રકારની નર્મ ગોષ્ઠીઓ, વ્યંગોક્તિયો તથા બુદ્ધિ પ્રકર્ષ સૂચક વચનોનો સમૂહ.

મૂલ્ય રૂ. ૦—૪—૦

ઉપર લખેલાં સર્વે પુસ્તકો આદિ મળવાનું ઠેકાણું.—

મુંબાઇ—મેસર્સ એન. એમ. ત્રીપાઠીની કંપની-કાલબાદેવી રોડ તથા—

જુનાગઢ—પ્રસિદ્ધ કરનાર પાસેથી.

વિચાર-પુષ્પ-માલા સંબંધી કેટલાક અભિપ્રાયો.

સમાલોચક [ફેબ્રુઆરી ૧૯૧૫]

વિચાર–પુષ્પ–માલાના પ્રથમ પુસ્તકને ગુજરાતી વાચનસામગ્રીના કોષમાં આવકાર આપતાં અમને આનન્દ થાય છે. વારંવાર એમ કહેવામા આવે છે કે આપણા દેશનું મ્હોટામાં મ્હોટું દુર્ભાગ્ય તે અજ્ઞાનનો અંધકાર છે. એ ગાઢ અંધકારને કમી કરવા માટે જે જે સજ્જનો એક પણ નમ્ર કિરણ મોકલે છે તે સર્વે દેશની અગત્યની સેવા બજાવે છે. નવયુગનું ચેતન હૃદયે હૃદયે પહોંચે તે માટે જેટલા પ્રયાસો થાય તેટલા બધા આવકારને પાત્ર છે એવો અમ્હારો નમ્ર અભિપ્રાય છે, અને તેટલા માટે “ વિચાર–પુષ્પ–માલા ” ની યોજનાનો અમ્હેં સત્કાર કરીએ છીએ તથા ત્હેના યોજકોને અભિનન્દન આપીએ છીએ. વિચાર–પુષ્પ–માલાના હેતુઓ એ માલાના વ્યવસ્થાપકે પોતાના સુલિખિત “ નિવેદન ” મા બહુ સારી રીતે જણાવ્યા છે, જે ધ્યાનપૂર્વક વાચી જવા અમ્હેં સર્વને ભલામણ કરીએ છિએ. “નિવેદન” ની ભાવનાઓ જેવી ઉન્નત અને ઉત્સાહપ્રેરક છે તેવી ત્હેની શૈલી મોહક અને જુસ્સાદાર છે. આ માલાનો પ્રથમ મણિક ‘ ધર્મનો જય ’ એ છે એ અમને સૂચક લાગે છે. આ લેખ ગુજરાતના જાણીતા લેખક અને ઉત્સાહી શિક્ષણશાસ્ત્રી રા. કૌશિકરામે મહાન ગ્રિક તત્ત્વચિન્તક પ્લેટોના “ The Republic ” એ નામના પ્રસિદ્ધ ગ્રન્થને આધારે લખ્યો છે. આખો લેખ પ્રશ્નોત્તર સંવાદના રૂપમા છે અને વાંચવો ગમે તેવો છે. લેખકની હાસ્ય-રસની પ્રીતિ વચ્ચેવચ્ચે ડોકીયા કરે છે અને સંવાદ વાચનના શ્રમને આનન્દનાં તત્ત્વોથી રંગે છે. સંવાદની તર્કપરમ્પરાની ગતિ જરા ઓછી ત્વરિત હોત તો વાચનારને એથી પણ વધારે રસ પડત. અમ્હેં આશા રાખીએ છિએ કે આ માલાના બીજા મણિકો પણ ગુજરાતના સારા સારા વિદ્વાનો પાસે લખાવવામા આવશે. રા. રણછોડદાસ જેવા વિદ્યાનુરાગી ધનિકે આવી ઉપયોગી લેખમાલાના પ્રકાશક બની મુબઇના ઇતર ધનિકોને ધનનો સદ્વ્યય કરવાની સારી દિશા દર્શાવી છે. અમ્હેં આ યોજનાના યોજકને ધન્યવાદ આપીએ છીએ અને તે સફળ થાય એમ ઇચ્છીએ છીએ.

An Educationist.

Your નિવેદન is Beauty, Hope, Seriousness, Business, grim Earnestness, almost Philosophy. I saw Mr. M B. He was full of praise .... The cover is artistic. The lady may be dressed Gujarati–fashion at leisure.

The Modern Review. [March 1915.]

Messrs. Ranchhod Bhavan and Vibhakar have started this series of the "Garland of Thought" with a view to focus the thought-creations of the best minds of the world, and thereby to acquaint the Gujarati-reading public with the best portions of foreign literature. It is an idea worthy of all praise. The series is led by Mr. Kaushikram V. Mehta B. A. Director sf Education, Bhavnagar. In a style, which is sure to be followed by every one, he has expounded the principle of यतो धर्मस्ततो जयः from certain portions of Plato's Republic.

ભાર્ગવ [સંવત ૧૯૭૧, માહા.]

રા. નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકરના ઉત્સાહી તંત્રીપણા નીચે નવી નીકળતી વિચાર–પુષ્પ–માલાનું પહેલું પુષ્પ "યતો ધર્મસ્તતો જયઃ" ના નામ હેઠળ બહાર પડયું તે ખરેખર પ્રશસનીય પ્રયાસ છે. ગુજરાતના જાણીતા રા. કૌશિકરામ વિ. મહેતાએ તે પ્રયાસમાં મહાન ગ્રીક તત્વજ્ઞાની પ્લેટોના સંવાદોનું કાંઇક અનુકરણ કર્યું છે. પ્લેટો ઘણાજ સંસ્કારી મગજો-થીજ સમજાય છે; અને એ તરજુમા પછી તેનું સૂક્ષ્મ સૌંદર્ય જાળવી રાખવું એ ઘણું કઠણ કામ છે. રા. કૌશિકરામે કરેલો પ્રયાસ ખરેખરો વખાણવા લાયક છે...............અમને આશા છે કે યૂરોપીય સાહિત્યનાં રત્નો ગુજરાત સમક્ષ મૂકવાનો આ પ્રયાસ ફતેહમંદ નીવડી આપણા જીવનને અને ભાષાને વધારે સમૃદ્ધિવાન કરશે.

The Bahauddin College Magazine. [February 1915.]

Mr. N. B. Vibhakar has begun the editing of a series of small tracts called વિચાર–પુષ્પ–માલા on the analogy of 'the tracts, for the times' of which we have received the first number. It is from the facile pen of Mr. K. V. Mehta and its suject is appropriately derived from Plato. We shall watch the career of this new venture with interest.

Central Library Department, Baroda.

આપના તરફથી વિચાર–પુષ્પ–માલાની બે પ્રતો આવી તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવી છે. પુસ્તકો બહાર પાડવાનો જે ઉચ્ચાશય પ્રસ્તા-વનાથી સ્પષ્ટ થાય છે તે માટે તથા સમગ્ર ગુજરાતને યોગ્ય વખતે જે ઇષ્ટ સલાહ મળે છે તે માટે સમગ્ર ગુજરાત આપનું આભારી થશેજ-છેજ. અમે બનતી મદદ આપવા ચૂકીશું નહિં.